સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૮/૦૯/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૨૬

**સુવિચાર**

જ્યારે પણ તમને કોઈના પ્રત્યે પ્રેમ દર્શાવવાનો મોકો મળે તો તેને ચૂકતા નહિ. પ્રેમ એ મોટી સંપત્તિ છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
» હૃદયરોગ - બીપી
» શ્વાસ - દમ - ન્યુમોનિયા
» પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
» પોઈઝન - સર્પદંશ
» ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦

## સુખકર્તા, દુઃખહર્તા, દુંદાળા દેવનું વાજતે ગાજતે થયું સ્થાપન

# અમરેલી જિલ્લામાં "ગણપતિદાદા" ઠેર-ઠેર બિરાજમાન થયા

- આગામી ૧૦ દિવસ સુધી ગણપતિજીને પ્રસન્ન કરવાનો ભક્તજનો દ્વારા થશે પ્રયાસ
- જિલ્લાનાં દરેક શહેરો અને નાના-મોટા ગામોમાં ગણપતિનું આસ્થાભેર સ્થાપન થયું
- જિલ્લાનાં હજારો ઘરોમાં પણ ગણપતિજીની સ્થાપના કરવામાં આવી
- ૧૦ દિવસ સુધી ગણપતિજીનાં પંડાલમાં ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે



અમરેલી, તા. ૭
અમરેલીશહેરસહિતસમગ્ર જિલ્લામાંસુખકર્તા,દુઃખકર્તાગણપતિની આસ્થાઅનેઉત્સાહભેરવાજતે–ગાજતે સ્થાપનાકરવામાંઆવી.
અમરેલી ખાતે નાગનાથ યુવક મંડળ દ્વારા સાર્વજનિક ગણેશોત્સવની ઉજવણી છેલ્લા ૧૨૫ વર્ષથી કરવામાં આવી રહી છે. આજે નાગનાથયુવકમંડળનાંપરિવારજનોએ અનુસંધાન પાના ૬ ઉપર

### તેમના મિત્ર સાથે ગયા તે ગયા

## અમરેલીનાં રાંઢીયામાં તળાવમાં ડૂબી જવાથી ૧૫ વર્ષિય કિશોરનું મોત

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૭
અમરેલીતાલુકાનારાંઢીયા ગામે રહેતા બે મિત્રો દહીંડા રોડ ઉપર આવેલતળાવમાંન્હાવા ગયા હતાં ત્યારે અકસ્માતે એક ૧૫ વર્ષિય કિશોર ડુબી જતાંતેમનુંમોતનિપજતાભારેઅરેરાટી ફેલાયજવાપામેલછે.

આબનાવમાંમળતીવિગત મુજબઅમરેલીતાલુકાનારાંઢીયાગામે રહેતાપ્રકાશશામજીભાઈસોલંકીતથા તેમનો મિત્ર જેનીશ આજે સવારે ૯ વાગ્યા આસપાસના સમયે રાંઢીયા નજીકદહીંડારોડઉપરઆવેલતળાવમાં ન્હાવામાટે ગયાહતાં. ત્યારે અકસ્માતે પ્રકાશ નામનાં ૧૫ વર્ષિય કિશોરનું તળાવમાંડુબીજતાંમોતનિપજયુંહતું. જયારે તેમનો મિત્ર જેનીશ બચી જવા પામેલછે.

### અમરેલીથી આંબરડી જતાં હોય તે સમયે

## સાવરકુંડલાનાં આંબરડી ગામનાં આધેડનું બાઈક સ્લીપ થતાં કમકમાટીભર્યુ મોત

**અજાણ્યા રાહદારીને બચાવવા જતાં બાઈક સ્લીપ થયું**

અમરેલી, તા. ૭
સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે રહેતા બીપીન કુમાર લલ્લુભાઈ નસીત નામનાં ૫૪ વર્ષિય આધેડ ગતતા. ૫નાસાંજે ૭:૪૫વાગ્યે પોતાનામોટરસાયકલનં. જી.જે.–૩૫ જે–૦૪૦૬ લઈને અમરેલીથી પોતાનાગામઆંબરડીતરફઆવતા અનુસંધાન પાના ૬ ઉપર

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન, વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત, લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU, આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર, જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

TATA AIA LIFE INSURANCE
આત્મનિર્ભર બનો
TATA સાથે જોડાઈને આત્મનિર્ભર બનો
આપ ટાટા કંપની સાથે એક ફ્રેન્ચાઈઝી (લીડર મોડલ) માં જોડાઈ શકો છો. કોઈપણ રોકાણ વગર અને આપ ઘણા લોકોને રોજગારી પણ આપી શકો છો.
અમરેલી જિલ્લાના દરેક તાલુકામાંથી જરૂર છે.
આ કામ માટે યોગ્યતા : માર્કેટીંગના અનુભવી, ટીમવર્ક કરી શકે તેવા તેમજ કોર્પોરેટ ઓફિસના કર્મચારી, નેટવર્ક બીઝનેશના લીડર, ધો.૧૨ પાસ
વધુ માહિતી માટે સંપર્ક : 95103 17788

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૭/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal ICE CREAM
સ્ટાફ જોઈએ છે.
(1) રીપોર્ટીંગ મેનેજર - 01
(2) ટેલીકોલર - 02
ઉપર આપેલ જગ્યા માટે કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી છે.
તો યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિ એ
તા.08-09-2024 ને રવિવારે સવારે : 9:00 થી 10:00 દરમ્યાન
નીચે મુજબના સરનામે ઓરીજનલ ડોક્યુમેન્ટ
અને રીઝયુમ સાથે રૂબરૂ મળવું..
શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ
પ્લોટ નં. 75 થી 81,GIDC એસ્ટેટ,અમરેલી- 365601.

# અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક કેમ્પમાં ઉત્સાહભેર ગણેશ સ્થાપના કરાઈ



ભાદરવા સુદ – ૪નો દિવસ એટલે કે ગણેશ ચતુર્થી, દરેક શુભકાર્ય પ્રથમ પૂજય વિઘ્નહર્તા દેવ ગણપતિ ભગવાનની પૂજાથી શરૂ થાય. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં ગણેશોત્સવ – ૨૦૨૪ શુભારંભ થયો. જેમાં સ્કૂલ કોલેજ હોસ્ટેલના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફ આનંદ ઉત્સાહ સાથે જોડાયા હતાં. ગણેશજીને વાજતે ગાજતે સ્તુતિ, ધૂન, સાથે "જય ગણેશ..." "ગણપતિ બાપા મોરિયા"ના નાદ સાથે કેમ્પસ ગુંજી ઉઠયું હતું. વિદ્યાર્થીઓ અન સ્ટાફ દ્વારા ગણેશજીનું સ્થાપન કરવામાં આવેલ ત્યારબાદ ગણેશજીનું વિધીવત પૂજન કરી ઉપસ્થિત મહેમાનો દિનેશભાઈ ભુવા, કાંતિભાઈ વઘાસિયા, ગોરધનભાઈ માંદળિયા, ભીખુભાઈ કાબરીયા, જે.ડી.સાવલિયા ભરતભાઈ ધડુક, રજનીભાઈ ચેતનભાઈ પટેલ, ટ્રસ્ટીઓ ખોડાભાઈ સાવલિયા, કેમ્પસ ડાયરેકટર, સુપરવાઈઝરઓ, સ્ટાફઓ અને વિદ્યાર્થી દ્વારા આરતી કરી મોદક લાડુનો પ્રસાદ આપવામાં આવ્યો. ગણેશજીને વિદ્યાર્થીઓ દ્વારા સવાર સાંજ પૂજા કરવામાં આવશે તેમજ ગણેશ ઉત્સવા દિવસોમાં વિવિધ સ્પર્ધાઓ પણ યોજવામાં આવશે. જેથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક પ્રવૃતિઓથી વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સંસ્કારોનું પણ સિંચન થાય, ગણેશજીની જેવી વિદ્યાર્થીઓ માતા પિતાની સેવા કરી સારા અને શ્રેષ્ઠ બને તેવી ઉમદા ભાવના સાથે વિદ્યાસભાની યાદીમાં જણાવે છે આ કાર્યક્રમ કરવામાં આવેલ. આ તકે વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ વિદ્યાર્થીઓને ગણેશ ચતુર્થીની શુભકામનાઓ પાઠવી.

### અલ્ટ્રાટેક સિમેન્ટ, ગુજરાત સિમેન્ટ વર્કસના સીએસઆર વિભાગ દ્વારા

## કોવાયા ખાતે ન્યુટ્રીશનલ ફૂડ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું

### શ્રેષ્ઠ વાનગી રજૂ કરનારને પ્રોત્સાહિત કરાયા



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

કોવાયા, તા. ૭

અલ્ટ્રાટેક સિમેન્ટ ગુજરાત સિમેન્ટ વર્કસ કોવાયાના CSR વિભાગ દ્વારા મહિલાઓના સ્વાસ્થ્ય માટે વારંવાર જાગૃતિ કાર્યક્રમો થતા રહે છે. સાથે સાથે કૃપોષિત બાળકો તથા કિશોરીઓ માટે HB. ચેકપ કરવું, પોષણ યુકત ખોરાક અંગે તજજ્ઞો દ્વારા સમયાંતરે માર્ગદર્શન પુરૂં પાડવું. સાથે સાથે જરૂરી દવાઓ, CSRના માધ્યમથી અથવા આસપાસના PHC વિભાગના માધ્યમથી જરૂરી વ્યકિત સુધી પહોચાડાવે છે.

તે અંતર્ગત સરકાર દ્વારા નકકી કરાયેલ પોષણ માસ એટલે કે સપ્ટેમ્બર મહિનો આ મહિના દરમિયાન આંગણવાડી તથા સરકારના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા બહેનોને યોગ્ય સ્વાસ્થ્ય તથા પોષણયુકત આહાર માટે વિવિધ કાર્યક્રમો દ્વારા જાગૃત કરાય છે. CSR વિભાગ દ્વારા પણ દર વર્ષે પણ પોષણયુકત આહાર માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કોવાયા, ભાકોદર તથા વારહસ્વરૂપથી ૧૭ કિશોરીઓ વિવિધ પોષણયુકત વાનગીઓ સાથે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં વાનગીમાં ઉમેરેલ વસ્તુનું પોષણયુકત, શરીરને થતા ફાયદા, સ્વચ્છતા, તથા વાનગીનું પ્રેજેનટેશન વગેરે પાસાઓ દ્વારા સ્પર્ધામાં મૂલ્યાંકન કરવામાં આવ્યું. સ્પર્ધાના નિર્ણાયકની ભૂમિકામાં PHC બાબરકોટના ડો. શ્રીમતી ઈલાબેન મોરી તથા GCW મેડીકલ વિભાગથી ડો. કૃતિકા ઉપાધ્યાય તથા CSRની ટીમમાં નવા જોડાયેલા દેવેન્દ્રસિંહ તથા ઉધવી પારીખ તથા જી.જી.રાવ સરની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન ડો. કૃતિકા ઉપાધ્યાય દ્વારા ચિત્રાત્મક રીતે પી.પી.ટી.ના માધ્યમથી કિશોરીઓને પોષણયુકત આહાર તથા તેના મહત્વ વિશે ઉંડાણ પૂર્વક સમજાવવામાં આવ્યું હતું. સાથે સાથે ઉપસ્થિત ડો. શ્રીમતી ઈલાબેન મોરી દ્વારા આસપાસમાં ઉપર્યુકત વનસ્પતિઓ તથા એવી વસ્તુઓ જે નજીવી છે, છતાં તેનું પોષણ મુલ્ય ઘણું ઉચું છે. તે બારામાં સમજાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સ્પર્ધાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતાં. સાથે સાથે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપી શ્રેષ્ઠ વાનગીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં એડમીન સિકયુરીટી હેડ રીતુબેન ચૌધરી તથા બાબુ લાલ યાદર દ્વારા સ્પધાર્થીઓને પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી જી.જી. રાવસરના માર્ગદર્શન હેઠળ લલિત ટાંક, ઈશા દેસાઈ, ભાવના સાંખટ, પ્રકાશ સાંખટ સમગ્ર CSR ટીમનો અથાક પ્રયાસ રહ્યો.

## અમરેલીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી સિટી પોલીસ સ્ટેશન ટીમ



અમરેલી, તા. ૭

અમરેલીના ગજેરાપરા પટેલવાડી વિસ્તારમાં રહેતા વિનુભાઈ ડાયાભાઈ ગોહિલ નામનાં ૬૪ વર્ષિય વૃધ્ધ પોતાના રહેણાંક મકાનમાં ગત તા. ૨નાં રોજ તેઓ સવારના નવેક વાગ્યાથી ઘરને તાળુ મારી બહારગામ ગયેલ હતા અને સાંજે પોણા આઠ વાગ્યે ઘરે પરત આવેલ. તે દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ઘરમાં પ્રવેશ કરી ઘરના તાળા તથા કબાટના દરવાજા તોડી કબાટમાં રાખેલ રોકડા રૂા. ૫૯,૦૦૦ તથા બાજુના કબાટમાં રાખેલ સોનાની વીંટી નંગ–૧ કિં. રૂા. ૪૦૦૦ મળી કુલ રૂપિયા ૬૩,૦૦૦ની ચોરી કરી લઈ ગયા અંગે વિનુભાઈએ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલ હતી.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર કે.એલ. ખટાણાની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા પોકેટ કોપનો ઉપયોગ કરી ટેકિનકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી યોગેશ વિનુભાઈ કણસાગરા (રહે. ગામ–પિઠવાજાળ) વાળા ઈસમને ચોરી કરેલ રોકડ રકમ રૂા. ૪૫,૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### મિત્રનાં બંને દિકરાનાં એડમીશનની લાલચ અપાઈ

## સાવરકુંડલાનાં આધેડ સાથે એમબીબીએસમાં પ્રવેશ આપવાનાં નામે ૩૪ લાખની છેતરપીંડી

### બિકાનેરનાં અરૂમુગમ ગાઉન્ડર વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૭

સાવરકુંડલાના નિર્દોષાનંદ વાટીકા મહુવા રોડ ઉપર રહેતા વિમલકુમાર મોહનલાલ ગગલાણી નામનાં ૫૮ વર્ષિય આધેડે ગત તા. ૧/૬/૨૧ થી તા. ૩૧/૧૦/૨૩ સુધીના સમયગાળા દરમ્યાન તેના મિત્ર ગણેશભાઈ (રહે. ડીસા) ના દિકરા વંદન તથા વિશાલભાઈનું એમબીબીએસના અભ્યાસ માટે ફીલીપાઈન્સ દેશમાં એડમીશન કરાવવા માટે રાજસ્થાનના બીકાનેર ગામે આવેલ જી.ડી. ગાઈન્કા ટોડલર હાઉસ કાન્તા ખતુરીયા કોલોની રીલાયન્સ મોલની પાછળ રહેતા આરોપી અરૂમુગમ ગાઉન્ડરને રૂપિયા ૩૪ લાખ આપેલ હોય. ત્યારે આરોપીએ એડમીશન આજકાલમાં થઈ જશે તેવા વાયદા કરી એડમીશન નહી કરાવી આપી આધેડ સાથે રૂા. ૩૪ લાખની છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સ્થાનિક સહકારી ક્ષેત્રમાં ચહલપહલ

## બાબરા નાગરિક સહકારી બૅંકની ચુંટણી જાહેર થતાં રાજકીય માહોલ ગરમાયો : ૮૩ ફોર્મ ઉપડયા

### જુના ૧૩ ડીરેકટરો માંથી ૧૦ ડીરેકટરોની સમય મર્યાદા પૂર્ણ થતા ચુંટણી નહી લડી શકે

બાબરા, તા. ૭

બાબરા નાગરિક સહકારી બેંક ની આગામી તા ૨૯–૯–૨૦૨૪, ને રવિવારના રોજ રોજ ૧૩ ડીરેકટરો માટે ની ચુંટણી યોજાનાર છે બાબરા નાગરિક સહકારી બેંક ના હોદ્દેદારો ની મુદત પૂર્ણ થતા ચુંટણી ગણત્રીના દિવસો મા યોજાવાની છે ત્યારે બેંક ના ૧૩ જુના ડીરેકટરો માંથી ૧૦ ડીરેકટરો ની ચુંટણી લડવાની સમય મર્યાદા પૂર્ણ થય છે ત્યારે ચુંટણીમાં ગરમાવો આવ્યો છે આજે તા ૪ ના રોજ ફોર્મ ઉપાડવાની છે લી તારીખ હતી અને ૧૩ ડીરેકટરો માટે ચૂંટણી મા ૮૩ ફોર્મ ઉપડીયા છે જેમાં જનરલ ૬૮ અનુચિત જાતિ ૭ ફોર્મ , ખેડૂત વિભાગ ના ૮, ફોર્મ ઉપડયા છે ચુંટણી ના કાર્યકમ મુજબ તા,૯, અને ૧૦ છે ઉમેદવાર પત્ર ચકાસણી તા ૧૭, ના રોજ ઉમેદવારી પત્ર પરત ખેંચવાની તા ૧૯, ના રોજ છે નિશાન ફાળવણી ના તા ૧૯, ને સાંજ ૪ વાગે છે પછી ચુંટણી તા,૨૯,૯,૨૦૨૪ ને રવિવારના રોજ સવારે ૮, સાંજે ૬ કલાક સુધી મતદાન થશે બાદ એજ દિવસે તુરંત મતગણતરી હાથ ધરાશે રાત્રે પરીણામ જાહેર કરવામાં આવશે જાણવા મલતી વિગત મુજબ છેલ્લા ધણા સમયથી બેંક ને સધર કરનાર ૧૦ ડીરેકટરો ની ચુંટણી લડવાની મર્યાદા પુરી થય છે ત્યારે ચુંટણી લડવા માટે રાફડો ફાટયો છે નાગરિક બેંક ની ચુંટણી લડવા માટે ત્રણ પેનેલો ઉભી થઈ છે ૨૭, થી ૨૮ સો નાગરિક બેંકના સભ્ય છે જેમાં ૮૩ ફોર્મ ઉપડયા છે.

મતદારો પણ મુંઝાયા છે હાલ બાબરા શહેરમાં નાગરિક બેંકની ચુંટણી ને રાજકીય માહોલ ગરમાયો છે ભાજપ કોંગ્રેસના આગેવાનો પણ આ ડીરેકરની ચુંટણી લડવા તૈયાર થયા છે.

### આગામી તહેવારોને અનુલક્ષીને

## બગસરામાં પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### હિન્દુ મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બગસરા, તા. ૭

બગસરા પોલિશ સ્ટેશન ના પીઆઈ શાળું કે ના અધ્યક્ષ સ્થાને આવનારા તહેવારો ગણેશ ઉત્સવ નિમિત્તે લોકોમાં શાંતિ બની રહે તે માટે આ બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું.

જયારે આ બેઠકમાં ટ્રાફિક અને અટલજી પાર્ક પાસે સીસીટીવી કેમેરા લગાવેલા હતા જે હાલમાં કાઢી નાખવામાં આવ્યા છે તેને ફરી કાર્યરત કરવા. માંગણી કરવામાં આવી તે કેમેરા લોકોના ફંડમાંથી પૈસા એકત્ર કરી લગાડવામાં આવ્યા હતા તે કાઢી નાખવામાં આવેલ જેના લીધે લેઉવા પટેલ સમાજના આગેવાનો દ્વારા ફરી લગાડવા માટે માંગણી ઉઠી છે જેથી ગુનાહિત પ્રવૃત્તિ અટકી શકે આ કેમેરા વર્ષોથી તે જગ્યાએ લગાડેલ હતા તે શું કામ કાઢવામાં આવ્યા તે શાંતિ સમિતિમાં પ્રશ્ન કરવામાં આવેલ જેના લીધે પીઆઈ કહેવામાં આવેલ કે ત્યાં લાઈટ નથી તો આગેવાનો દ્વારા કહેવામાં આવેલ કે અત્યાર સુધી કેમેરા કઈ રીતે ચાલુ રહ્યા તેઓ વૈદક સવાલ બગસરાના આગેવાનો દ્વારા કરવામાં આવ્યો હતો હાલ જે રીતે કેમેરા મૂકવામાં આવ્યા છે અટલજી પાર્ક પાસે ત્યાં તે જ રીતે મૂકી દેવામાં આવે તેવી લોકોની માંગણી ઉઠી છે તેમજ ઉસકેરણી જનક સાઉન્ડ ના વગાડવા જેવા અનેક પ્રશ્નોને લઈને આજે શાંતિ સમિતિ બેઠક કરવામાં આવી હતી.

## લીલીયા મોટા : આંગણવાડી કેન્દ્ર માં પોષણ માસની ઉજવણી



લીલીયા મોટા, તા. ૭

લીલીયા મોટા ખાતે આંગણવાડી કેન્દ્ર નંબર ૧ થી ૧૧ દ્વારા પોષણમાંહ નિમિત્તે વાનગી પ્રદર્શનનું આયોજન કરેલ આ કાર્યક્રમમાં કિશોરી ઓ દ્વારા બનાવેલ પૂર્ણા શક્તિ માંથી તેમજ કઠોળ તેમજ પોષણયુક્ત અલગ– અલગ વાનગીઓ બનાવી અને પ્રદર્શનમાં મુકેલ આ કાર્યક્રમમાં મુખ્ય સેવિકા પ્રભાબેન રાઠોડ હાજર રહેલ તેમજ દરેક કેન્દ્રની કિશોરીઓ અને કાર્યકર તેમજ હેલ્પર બહેનો હાજર રહેલ શાકભાજી તેમજ અનાજમાંથી અલગ અલગ રંગોળી ચિત્રો બનાવી પ્રદર્શન રાખેલ અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં દરેક વર્કર હેલ્પર બહેનો દ્વારા જહેમત ઉઠાવેલ મહેનત તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

## અમરેલીનાં સ્થાનકવાસી જૈનસંઘના આંગણે સવંત્સરી પર્વની ઉજવણી

અમરેલી, તા. ૭

અમરેલી સ્થાનકવાસી જૈન સંઘના આંગણે તા. ૮–૯–૨૪ રવિવારના રોજ ચાર્તુમાસમાં બિરાજમાન પૂ. ડોકટર સુભાષાજી સ્વામી તથા કોકીલકંઠી પૂજય આકાંક્ષાનું સ્વામિનાં સાનિધ્યમાં મહામંગલકારી સંવતસરી પર્વની ઉજવણી ધર્મ–ભકિત સંગાથે શ્રાવક–શ્રાવિકા ગણ વિશાળ સંખ્યામાં કરી રહ્યાં છે. ત્યારે આજ રોજ તા. ૮નાં પર્યુષણ પર્વના અંતિમ દિવસે સંવતસરી વ્યાખ્યાન સવારે ૯ થી ૧૦ : ૩૦ પ્રશ્નોતર કાર્યક્રમ સવારે ૧૦ : ૩૦ થી તથા આલોચના (આલવણા) ૧૧:૦૦ કલાકથી શરૂ થશે. તેમજ મહામંગલકનરી પર્યુષણ પર્વનું સવંતસરી મોટુ પ્રતિક્રમણ સાંજનાં ૬ કલાકે જૈન મહાજનવાડી યુનિટ – ૨માં ભાઈઓ તથા બહેનોનું સાથે રાખેલ છે.

# સાવરકુંડલા ખાતે નિવૃત્ત બીએસએફ અધિકારી દ્વારા વિના મુલ્યે શારિરીક પરીક્ષા તાલીમ



આગમી સમયમાં આવનારી સરકારી ખાતાકીય પરીક્ષાઓ અંગે વિદ્યાર્થીઓને તૈયાર કરવાના ભાગરૂપે ફિઝિકલ રીતે શારીરિક કસોટીઓમાં સારૂ પરિણામ લાવી શકે તેના ભાગરૂપે સાવરકુંડલા ખાતે નિવૃત્ત બીએસએફ અધિકારી, પૂર્વ એસઆરપીએફ, સીઆરપીએફ કોબ્રા કમાન્ડોના અધિકારી દ્વારા પોતાના વતનના વિદ્યાર્થીઓ દેશ સેવા કરવા ફિઝિકલ એક્સરસાઇઝમાં પાવરધા સાબિત થાય તે માટે વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ટ્રેઈન કરી રહ્યા છે. શારીરિક રીતે ફિટ થાય તે માટે આ વિદ્યાર્થીઓ વ્હેલી સવારથી દોડ, એકસરસાઇઝ, લોંગ જંપ, હાઈ જંપ સાથેની કસરતો કરી રહ્યા છે તે આગામી સમયમાં વનવિભાગ અને પોલીસ સબ ઈન્સ્પેકટરોની ભરતી અંગે સ્પેશ્યલ ટ્રેઈનરો દ્વારા નિઃશુલ્ક તાલીમ લઈ રહ્યા છે અમરેલી જિલ્લામાં પોલીસ અને વનતંત્રની ભરતી અગાઉ ૧૬૦૦ મીટર રનીંગ, ૫ કિલોમીટર રનિંગ, હાઈ જંપ, લોંગ જંપ, રસ્સા ચડ, સાથે વિવિધ સ્ટેમીના વધારવાના અભિગમ સાથે વિદ્યાર્થીઓની પ્રેક્ટીસ કરીને અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે જેમાં બીએસએફ ના નિવૃત્ત અધિકારી હનીફ શેખ, એકસ. એસઆરપીએફ અને ફિઝિકલ ઈન્સ્ટ્રેક્ટર મુસ્તાક જાદવ, સીઆરપીએફ કોબ્રા કમાન્ડો ઈમરાન જાદવ દ્વારા સરકારી ભરતીમાં વિદ્યાર્થીઓને શારીરિક કસોટીમાં સફળ થવાના અભિગમ સાથે નિઃશુલ્ક તાલીમ કે.કે. હાઈસ્કૂલના ગ્રાઉન્ડમાં આપી રહ્યા છે ને સરકારી ભરતીમાં પાસ થવા માટે વિદ્યાર્થીઓ મહેનત કરી રહ્યા છે સરકાર દ્વારા વિવિધ ભરતીઓનો જાહેરાતો ટુંક સમયમાં થવાની હોય ત્યારે વિદ્યાર્થીઓ પણ ઉત્સાહ પૂર્વક ફિઝિકલ ફિટનેસ માટે અલગ અલગ દોડ, જંપ, સહિતની પ્રેક્ટિસો કરીને શારીરિક સક્ષમ થઈ રહ્યા હોય ત્યારે ટ્રેનિંગ આપતા પૂર્વ અધિકારીઓને પોતાને વતનની યુવા પ્રતિભાઓ સરકારી સેવામાં જોડાઈ તેવા હેતુથી નિઃશુલ્ક સેવા પ્રદાન કરી રહ્યા છે.

## ભાજપનાં નોંધણી અભિયાનમાં નામની જગ્યાએ પગાર વિહોણો વીસીઈ લખીને

# બાબરાનાં વીસીઈ કર્મચારીઓએ અનોખો વિરોધ કર્યો

**છેલ્લા ૧૬ વર્ષથી અન્યાયી વલણ સામે લડતા વીસીઈ કર્મચારીઓની સમસ્યાનો નિકાલ થતો નથી**

**ભાજપ સરકાર સામે આંદોલન કરવું એટલે પથ્થર ઉપર પાણી રેડવા જેવું**

**કર્મચારીઓ વર્ષોથી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છતાં અન્યાય હી અન્યાય**

**પોતાને સંવેદનશીલ માનતી રાજય સરકારે વીસીઈ કર્મચારી પ્રત્યે સંવેદના દાખવવી જરૂરી**




બાબરા, તા. ૭

રાજયમાં ગ્રામ પંચાયત કચેરી ખાતે બેસી રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ સહિત અને ખેડૂતો તેમજ વિદ્યાર્થીઓને લગતા કામો મામૂલી કમિશન સાથે કરી આપતા વીસી (વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર) સાથે રાજય સરકાર દુર્લક્ષ સેવતા તમામ વીસી રોષે ભરાયા. રાજય સરકાર દ્વારા નથી નિયમિત કમિશન આપતા, નથી ફિકસ પગાર આપતા અને કર્મચારીનો દરજજો અપાતો નથી જેના કારણે તમામ વીસી દ્વારા ભાજપના સભ્ય નોંધણી અભિયાનમાં જોડાયને કાર્યકર્તાના નામની જગ્યાએ પગાર વિહોણો વીસી એવું લખવામાં આવતા ચર્ચાનો વિષય બન્યો છે.

બાબરા તાલુકા વીસી પ્રમુખ વિમલ અમરેલીયા દ્વારા જણાવ્યું હતું કે, બાબરા તાલુકાના અમરેલી જિલ્લા અને રાજયના તમામ આશરે ૧૪૦૦૦થી વધુ વીસી કર્મચારીઓ આ અનોખા વિરોધમાં જોડાયા છે. કારણ કે અનેકવાર આંદોલન કર્યા, આવેદનપત્ર આપ્યા, ધરણાં કર્યા, ઉપવાસ કર્યા તેમ છતાં રાજય સરકાર અમારી નોંધ લેતી નથી માટે આ રીતે વિરોધ કરીએ તો રાજય સરકારની આંખ અને કાન કદાચ ખુલે તો.

વધુમાં જણાવ્યું હતું કે, ગામડે બેઠો એક વીસી કર્મચારી આયુષ્યમાન ભારત કાર્ડ, રેશનકાર્ડની કામગીરી, ખેડૂતોની દરેક કામગીરી, આવક જાવક અને ક્રિમિલય જાતિ દાખલા, વિદ્યાર્થીઓની દરેક કામગીરી, કેવાયસી અપડેટ, રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ સહાય યોજનાઓની કામગીરી સામાન્ય કમિશન મેળવી કરતા હોય છે. ખેડૂતો અને વિદ્યાર્થીઓ તેમજ વિધવા મહિલાઓ કે સિનિયર સીટીઝનને તાલુકા મથકે ધકકો ના થાય તે માટે ગામડે આ સુવિધા ઉપલબ્ધ છે પણ રાજયસરકારના વીસી કર્મચારીઓ પ્રત્યે વર્ષોથી અન્યાય કરતી આવી છે. છેલ્લા ૧૬ વર્ષ થી લડત લડી રહ્યા છીએ તેમ છતાં હજુ વીસી કર્મચારીઓને નથી કાયમી કરવામાં આવ્યા કે નથી ફિકસ કે હંગામી તરીકે નિમણૂંક આપવામાં આવી. ૧૬ વર્ષથી ફરજ બજાવીએ છીએ પણ હજુ ત્રણ વર્ષનું કમિશન આપવામાં આવ્યું છે. પૂરતા પ્રમાણમાં અને નિયમિત કમિશન પણ સરકાર ચૂકવતી નથી ત્યારે રાજયના તમામ વી સી કર્મચારીઓનો રોષ ચરમસીમાએ છે તેમ અંતમાં બાબરા તાલુકા વીસી કર્મચારી સંઘના પ્રમુખ વિમલ અમરેલીયાએ જણાવ્યું હતું.

રાજયસરકારની આંખ ઉઘડે તે માટે ભાજપના સભ્ય નોંધણીમાં તમામ કર્મચારીઓ જોડાયા છે અને તેમાં નામની જગ્યાએ પગાર વગરનો વીસી એવું લખવામાં આવતા મુદ્દો ભારે ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે હાલ વીસીની આ અનોખા વિરોધ પ્રદર્શનમાં રાજય સરકાર કેવી રીતે જોવે છે તે જોવું રહ્યું.

---

### ગાંધીનગર સુધી બાતમી પહોંચી જતાં

## દામનગર ખાતે સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડીને વરલી-મટકાનો જુગાર ઝડપી લીધો

**અર્ધો ડજન આરોપીની ૧.૩૫ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત**



અમરેલી, તા. ૭

દામનગર ગામે રહેતા ભરતભાઈ જયંતીભાઈ ગોહીલ તથા અર્જુનભાઈ જીવણભાઈ સાથળીયા નામનાં આરોપીઓએ દામનગર ગામે આવેલ શ્યામ કોમ્પલેક્ષ પાસે આરોપીએ પોતાના આર્થિક ફાયદા સારૂ સંગઠીત થઈ વરલી મટકાના આંક ફરકનો પૈસા વડે હાર જીતનો જુગાર રમી રમાડી ગેરકાયદેસર રીતે ફાઈટરો બેસાડી બહારથી માણસો બોલાવી આંક ફેરનો તથા વરલી મટકાનો પૈસાથી હાર-જીતનો જુગાર રમી રમાડતા હોવાની બાતમી સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગરને મળતાં દરોડો પાડી આંકડા લખનાર રાઈટર દામનગર ગામે રહેતા આરોપી હિમત ઉર્ફે કાળુ શામજીભાઈ તથા હરેશભાઈ વાઘજીભાઈ તેમજ આંકડા લખાવવા આવનાર ગ્રાહક ગણેશભાઈ નાનજીભાઈ (રહે. માંડવી, તા.ગારીયાધાર), અમીતભાઈ દેવસીભાઈ પરમાર (રહે. મફતપરા હજીરાધાર, તા. લાઠી), સંજયભાઈ દિનેશભાઈ સોલંકી (રહે. પાડરસીંગા, તા.લાઠી), ભાવેશભાઈ બાબુભાઈ ખાખડીયા (રહે. દામનગર) દરોડા દરમ્યાન પકડાઈ ગયેલ હોય તેમજ આંકડા લખાવનાર ગ્રાહક આરોપી મોટર સાયકલ નં.જી.જે.-૧૪કે-૦૫૩૮નો ચાલક તેમજ મોટર સાયકલ નં. જી.જે.-૧૪ એ.એસ.-૧૦૫૨ નો ચાલક તથા કેશીયર મુકેશભાઈ ઠાકોર (રહે. પટેલવાડીની બાજુમાં દામનગર), વરલી મટકાનો ધંધો કરનાર મુખ્ય આરોપી ભરતભાઈ જયંતીભાઈ ગોહીલ (રહે. દામનગર), વરલી મટકાનો ધંધો કરનારો પાર્ટનર અર્જુનભાઈ જીવણભાઈ સાથળીયા (રહે. દામનગર) હાજર નહી મળી આવી દરોડા દરમ્યાન ઝડપાયેલા આરોપી પાસેથી રોકડ રૂપિયા ૧૯,૧૫૦ તથા મોબાઈલ ફોન નંગ-૫ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ તથા ટુ વ્હીલ વાહન નંગ-૩ કિંમત રૂપિયા ૯૦,૦૦૦ તથા વરલી મટકાનું સાહિત્ય મળી ૬ આરોપીને કુલ રૂપિયા ૧,૩૫,૪૫૦ના મુદામાલના સાથે સ્ટેટ મોનીટરીંગ સેલ, ગાંધીનગરે ઝડપી લીધા હતાં જયારે દરોડા દરમિયાન નાશી ગયેલા પાંચ આરોપીને ઝડપી પાડવા આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

---

## શેડુભાર ગામે જાહેરમાં જુગાર રમતા કુલ ચાર ઈસમો ઝડપાયા

અમરેલી, તા. ૭

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.જે. બારોટના માર્ગદર્શન અનુસંધાને અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ. લવજીભાઈ વાલજીભાઈ જામ્બુચાની ચોક્કસ બાતમી હકીકત આધારે અમરેલી તાલુકાના શેડુભાર ગામે જાહેરમાં જુગાર રમતા ખોડાભાઈ બચુભાઈ સાકરીયા, કાળુભાઈ દાનાભાઈ ખુમાણ, હસમુખભાઈ કરશનભાઈ ખુમાણ, વેલજીભાઈ બાવચંદભાઈ રાજાણી (રહે. તમામ શેડુભાર, તા.જી. અમરેલી) વાળા ચાર ઈસમોને રોકડ રૂા. ૧૩,૭૦૦ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

---

### કાળઝાળ મોંઘવારીમાં તસ્કરો મંદિરને પણ છોડતા નથી

## સાવરકુંડલાનાં નાના ઝીંઝુડા ગામનાં બે મંદિરમાં એક સાથે ચોરી : માતાજીનાં ફળ-મૂર્તિની પણ ઉઠાંતરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તસ્કરને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા**



સાવરકુંડલા, તા. ૭

સાવરકુંડલાના નાના ઝીંઝુડા ગામમાં આવેલા માતાજીના બે મંદિરમાં તા. ૫/૯ ની રાત્રી દરમ્યાન તસ્કરો ત્રાટકયા હતા અને બંને મંદિરોમાંથી માતાજીને ચડાવવામાં આવેલા સોના/ચાંદીના છતર, ઝુમ્મર, સિંહાસન સહિત મોટી રકમના મુદ્દામાલની ચોરીની ઘટના બહાર આવી છે. મંદિરોમાં ચોરી થયાની જાણ થતા સેવક સમુદાય ભેગો થઈ ગયો હતો અને સાવરકુંડલા રૂરલ પોલીસ મથક ખાતે ફરિયાદ લખાવવા દોડી આવ્યા હતા. નાના ઝીંઝુડા ગામના સેવકોમાં થતી વાતો મુજબ ચોરીમાં મોટી રકમ ના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ ચોરાયા હોવાની શકયતા રહેલી છે. રૂરલ પોલીસમાં નાના ઝીંઝુડા ગામના શંભુભાઈ મોહનભાઈ પાટડીયાએ પાટડિયા પરિવારના કુળ દેવીનું મંદિર તથા નજીકમાં આવેલા કલાણીયા પરિવારના કુળદેવીના મંદિરમાં તા. ૫/૯ ની રાત્રી દરમિયાન કોઈ શખ્શો મંદિરમાં પ્રવેશી સોના, ચાંદીના છતર, જુમ્મર, બુટી, સિંહાસન, ફળા અને દાનપેટીમાં રહેલી રોકડ રકમ મળી આશરે એક લાખ પંચોતેર હજાર રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી ગયાની ફરિયાદ રૂરલ પોલીસમાં નોંધાવતા એફ.એસ.એલ. અને ડોગ સ્કોડની મદદથી પી.એસ.આઈ. આર.એલ. રાઠોડે તપાસ હાથ ધરી છે. નાના એવા ગામમાં ચોરીની ઘટના બનતા ગ્રામવાસીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦















**પ્રકરણ : ૨૦૦ - ૧૯૬૨**

**આ કે સીધે લગે દિલ પે જૈસે કટરીયા.. આ.. સાવરીયા**
**ચીલ ચીલ ચિલ્લાકે કજરી સુનાએ.. ઝુમ ઝુમ કૌવા ભી ઢોલક બજાએ''**
**ઝરૂરત હૈ. ઝરૂરત હૈ.. એક શ્રીમતી કી.... સેવા કરે જો પતિ કી'**
**મે તો તુમ સંગ.. નૈન મિલાકે.. હાર ગઈ.. સજના...**
**પ્રિય વાચક મિત્રો ,**

આજ ફિલ્મી સફર અમરેલી એકસપ્રેશ દૈનિક દ્વારા ૨૦૦ અંક પૂર્ણ કરે છે, ત્યારે અમરેલી એકસપ્રેશના તંત્રી શ્રી મનોજ ભાઈ રૂપારેલિયા, સહતંત્રી મિલાપભાઈ રૂપારેલિયા અને સમગ્ર ટીમનો હું આભારી છુ. ૧૯૬૨ ના ફિલ્મી સફરમાં કિશોર કુમારની સફળ ફિલ્મો વિષે વાત કરી રહ્યા છીએ, ત્યારે આજે હિન્દી સિનેમાની એવી નાયિકા જેને આજે પણ સર્વ શ્રેષ્ઠ સુંદર અભિનેત્રી માનવા માં આવે છે, તેવા મધુબાલાની તેમના પતિ કિશોરકુમાર સાથેની આ અંતિમ ફિલ્મ છે. કિશોર કુમાર અને મધુબાલાના પ્રેમ કહાની ની વાત અને લગ્નની વાત અગાઉ થઈ ચૂકી છે, છત્તા આજે આ તેમની અભિનય સાથેની અંતિમ ફિલ્મ હોવાથી મધુબાલાની તબિયત અને કિશોરના પ્રેમ વિષે વાત કરીયે, કિશોર કુમારે ૧૯૬૦ માં મધુબાલા સાથે લગ્ન કર્યા, તેમને ખબર હતી કે મધુબાલા જન્મ




જાત હૃદયની બીમારીથી પીડિત છે, અને હવે તેમની બીમારી વધુ પડતી નુકસાન કારક બની રહી છે, છતા કિશોર અને મધુબાલાએ લગ્ન કર્યા , અને તેમના ડોકટર રૂસ્તામજી સાથે લંડન મધુબાલાની સારવાર અને હનીમૂન સાથે કરવા જતાં રહ્યા, લંડનના ડોકટરોએ મધુબાલાનું ઓપરેશન કરવા ની ના કહી, સાથે તેને તણાવ ના આપવો, અને કદી માતા ના બનવા દેવી તેવી સૂચનાઓ આપી. દરેક સ્ત્રીનું માતા બનવાનું એક અરમાન હોય છે, તેમ મધુબાલાને પણ માતા બનવા ના સપના જોયા હશે જ, પણ તે શકય ના હતું, ત્યારે મારી દ્રષ્ટિ એ આજ ની ફિલ્મ માં કિશોર કુમાર જે બાળક નો અભિનય કરેલ છે, જે મધુબાલા સાથે નાના બાળ કની જેમ ઝીદ કરે છે, રડે છે, વ્હાલ કરે છે, તે મધુબાલાને ખુશ કરવા ના પ્રયત્નો છે. દરેક સ્ત્રી ઈચ્છે કે તેનું બાળક તેના પતિ જેવુ થાય, તેમ મધુબાલા ને કિશોર આ ફિલ્મમાં બાળકની ભૂમિકા ભજવી તેમનં બાળક કેવં હોય શકે તે દર્શાવવા પ્રયતન કરતાં મને જોવા મળ્યા છે. કિશોરે મધુબાલાની નવ વર્ષ સુધી સેવા કરી હતી, અને અંતિમ સમય સુધી તેમને હસતાં રાખવાના પ્રયત્નો કર્યા હતા, અંતિમ સમયે કિશોરના પ્રેમ ને લઈ મધુબાલા વધુ ભાવુક થઈ જતાં હતા, તો કિશોર તેમની પાસે જતાં ના હતા, જેથી મધુબાલાની આંખો માં આંસુ નાઆવે, કિશોરે કહ્યું છે કે તેમણે એવી અભિનેત્રી જે હમેશા હસતી અને કામ માં પ્રવૃત હતી તેને રિબાતા જોઈ છે, જે તેઓ કદી ભૂલી શકશે નહીં . મધુબાલા એ આમ જોઈ એ તો ૧૯૬૨ પછી અભિનય છોડી દીધો હતો, ૧૯૬૪ માં તેમની શરાબી અને ૧૯૭૧ માં તેમની જવાલા ફિલ્મ પ્રદર્શિત થશે.આ ફિલ્મમાં કિશોર કુમારની ગાયિકી એ એક નવું સીમા ચિહ્ન પ્રાપ્ત કર્યુ છે, અહી એક ગીત છે, આ કે સીધી લગી દિલ પે જેસે કટરીયા.. આ સાવરીયા.... જે કિશોર અને લતાજીના સ્વર માં યુગલ ગીત રૂપે લેવા નું હતું , પણ લતાજી મંબઈથી બહાર હોવા થી આવી શકયા નહીં, સંગીત કાર સલિલ ચૌધરીને આ ગીત સમય સર કોમ્પોસ કરવું જરૂરી હતું , ત્યારે કિશોર કુમારે તેમને કહ્યું. કે તેઓ મેલ અને ફિમેલ બન્ને સ્વરમાં આ ગીત ગાશે, અને કિશોર કુમાર ની ગાયિકી પર સલિલને ભરોશો હતો, અને આ ગીતમાં કિશોર કુમારે સ્ત્રી અને પુરૂષ બન્નેના સ્વરમાં આ ગીત રજૂ કર્યુ, જે ફિલ્મ માં કિશોર કુમાર અને પ્રાણ પર ફિલ્મવામાં આવ્યું હતું, અહી કિશોર એક સ્ત્રી વેશમાં અભિનય કરે છે, બીજા એક ગીત જે કિશોરના રેપ સોંગમાં સામિલ છે, ચીલ ચીલ ચિલ્લાકે કજરી સુનાએ.. ઝુમ ઝુમ કેવા ભી ઢોલક બજાએ.. અરે વાહ વાહ. અરે વાહ વાહ... ગીત પણ કિશોરને




ગાયિકીમાં એક ઉચ્ચ શિખરે બેસાડે છે, આગામી વર્ષો માં કિશોર ના રેપ સોંગ હવે ઓછા સાંભળવા મળશે, અને તેઓ કયારેક યોડલીનો ઉપયોગ કરી ઉમદા ગીતો રજૂ કરશે.હાફ ટિકિટ – કાલિદાસના નિર્દેશન અને નિર્માણ માં, કિશોર કુમાર, મધુબાલા, શમ્મી, હેલેન, મનોરમા, મોની ચેટરજી, નર્મદા શંકર, ટૂન ટૂન, લલિતા કપૂર, અરૂણ ઘોષ અને મેહમાન કલાકારમાં પ્રદીપ કુમાર અને પ્રાણથી અભિનીત આ ફિલ્મના ગીતો શૈલેન્દ્રના છે, અને સંગીત સલિલ ચૌધરીએ આપ્યું છે, ઈંડિયન એકસપ્રેશના અહેવાલ મુજબ ભારતની હિન્દી સિનેમાની પ્રથમ દસ ફિલ્મોમાં હાફ ટિકિટ ફિલ્મ હજુ પણ સામિલ છે. આ ફિલ્મમાં કિશોર કુમારે એક બાળકનો અદ્વિતીય અભિનય કરેલ છે, ફિલ્મમાં જે કોમેડી દ્રશ્યો છે, જે આગળ જતાં અમિતાભની ફિલ્મો, નમક હરામ, અને શોલેમાં પ્રેરણા રૂપ બન્યા છે, ફિલ્મની કથા ટૂંક માં જોઈ એ તો કિશોર એક ધનવાન વ્યકતીનો એવો પુત્ર છે, જે યુવાન થયા બાદ પણ શરારતી છે, તેની શરારતોથી થાકી તેના પિતા તેના લગ્ન કરી દેવા માંગે છે, જે કિશોરને મંજૂર નથી, અને તે ઘર છોડી જતો રહે છે, તે મુંબઈ જવા માંગે છે, પણ ટ્રેન ટિકિટના પૂરતા પૈસા તેની પાસે નથી. તેવા માં એક મહિલા ટૂન ટૂન તેના પુત્ર આવે છે, તેનો પુત્ર મંદ બુધ્ધિનો છે, તેની તે હાફ એટલે કે અર્ધી ટિકિટ લે છે, કિશોર તે બાળકને ફોસલાવી તેના કપડાં પેહરી તેના જેવો બાળકનો અભિનય કરી હાફ ટિકિટ મેળવી લે છે,




પ્રાણ એક ચોર છે, અને હીરાની ચોરી કરી તે હીરો બાળક બનેલા કિશોર ના ખીચચામાં નાખી દે છે, અને તેની સાથે મુસાફરી કરે છે, કિશોર ને બાળક સમજી પ્રાણ હીરો મેળવવા ના તમામ પ્રયત્નો કરે છે, પણ ચાલાક કિશોર તેને મહાત આપે છે, તેવા માં ટ્રેન માં કિશોરની મુલાકાત એક ગાયિકા મધુબાલા સાથે થાય છે, અને તે તેના એક તરફી પ્રેમ માં પડી જાય છે, મધુ તેને મંદ બુધ્ધિનો બાળક સમજી સાચવે છે. મુંબઈ આવ્યા બાદ મધુને કિશોરની સચ્ચાઈની ખબર પડે છે, સમય જતાં બન્ને પ્રેમ માં પડે છે, બીજી તરફ પ્રાણ હીરો મેળવવા કિશોરને પાગલખાના સુધી લઈ જાય છે, પણ મધુબાલાના સહયોગથી કિશોર પ્રાણને પોલીસ હવાલે કરે છે, અને મધુબાલા સાથે લગ્ન કરે છે.ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય છે, કિશોર ના ગાયેલ રેપ સોંગમાં ગીત લખનાર કવિનો મુખ્ય ફાળો હોય છે, અહી શૈલેન્દ્રએ ખાસ કિશોર માટે જોડકણા ગીત લખ્યા છે. ફિલ્મ વર્ષની દસમા નંબર ની સફળ ફિલ્મ રહી હતી.મન મૌજી – કિશોર કુમારે આ વર્ષે તે સમયની સફળ અભિનેત્રીઓ સાથે કામ કર્યુ છે, વૈજયંતી માલા, મધુબાલા અને હવે સાધના સાથે જોડી જમાવી છે, કૃષ્ણ પંજુના નિર્દેશનમાં, એ.વી.એમ.ના નિર્માણ માં, રાજેન્દ્ર કૃષ્ણના ગીતો અને મદન મોહનના મધુર સંગીત સાથે કિશોર કુમાર, સાધના, ઓમ પ્રકાશ, દુર્ગા ખોટે, લીલા ચિટનીસ, મોહન ચોટી, મુકરી, આશીમ કુમાર, અનવર હુસૈન નાઝ, બેબી ફરિદા ( ફરિદા જલાલ ), સુંદર, જયમાલા, અને પ્રાણ થી અભિનીત આ ફિલ્મ એવેરેજ સફળ રહી હતી. કિશોર બચપણમાં ખોટા ચોરીના આરોપમાં બાલ સરક્ષણમાં જતો રહે છે, તેની માતાનું નિધન થાય છે, અને તેમના સંબંધી સુંદર કિશોરની બહેનને એક અનાથ આશ્રમમાં છોડી દે છે, કિશોર યુવા થયા બાદ તેની બહેનની ભાળ મેળવવા જાય છે, ત્યારે તેને ખબર પડે છે કે તેની માતા હવે આ દુનિયા માં નથી અને બહેન અનાથા લાય માં છે, ટે તેની બહેન નાઝને મળવા જાય છે, પણ તેની ગરીબી જોઈ તેને અંદર પ્રવેશ અપાતો નથી. કિશોર એક કંજૂશ ધનિક ઓમ પ્રકાશના પુત્રને બદમાશ પ્રાણના સકંજાથી બચાવે છે, અને ઓમ પ્રકાશને ત્યાં નોકરી કરે છે, સાથે તે તેજ વિસ્તારમાં રેહતી યુવતી સાધના ને ચાહે છે, સાધના પાછળ પ્રાણ વાસનાની દ્રષ્ટિ એ પડેલ છે, જે કિશોરના સહયોગથી દૂર થાય છે, પણ પ્રાણ હવે કિશોરનો દુશ્મન બની જાય છે. કિશોર તેની બહેનને મળવા એક અમીર વ્યક્તિનો સ્વાંગ રચે છે, અને બહેનને મેળવી લે છે, પણ તેના અભ્યાસ માટે ચોરી કરે છે, અને પકડાઈ જાય છે, સાધના તેને ચોર સમજે છે, પણ કિશોર તેને સાચી વાત કહે છે, અને તેની ગેર સમજ દૂર થાય છે. પણ કિશોરની બહેન નાઝને કિશોરના ચોરીથી આઘાત લાગે છે, ટે આત્મ હત્યા કરવા વિચારે છે, પણ આશીમ કુમાર જે ડોકટર છે તેને બચાવી ઘરે લાવે છે, અને નાઝ ના સારા વ્યક્વિથી બન્ને પ્રેમમાં પડે છે, કિશોર ફરી નાઝને મળે છે ટે ત્યાં ડ્રાઈવર તરીખે કામ કરે છે, પણ બહેન ના સુખ માટે તેની ઓળખ છુપાવવા નાઝ ને મનાવી લે છે, પ્રાણ ફરી ઓમ પ્રકાશની હત્યા અને ચોરી કરે છે, તેનો આરોપ કિશોર પર આવે છે, પણ સાધના કિશોરને નિર્દોષ સાબિત કરે છે, ભાઈ બહેન અને કિશોર સાધનાનું મિલન થાય છે. ફિલ્મના ગીતો આજે પણ લોકપ્રિય છે, કિશોરના સ્વરમાં ઝરૂરત હૈ .. ઝરૂરત હૈ .. અને લતાજીના સ્વરમાં મે તો તુમ સંગ નૈન મિલાકે હાર ગઈ સજના... ગીત યાદગાર ગીતો પૈકી ના છે.

આગામી અંકમાં દારાસિંગ અને ભારત ભૂસણની સફળ ફિલ્મો સાથે મળીશું. આભાર.

# આપણા વ્રતો - આરોગ્ય અને સામાજીક પ્રગતિના માર્ગ

ભારતીય સંસ્કૃતિમાં વાર–તહેવાર અને વ્રતોનું ખુબ મહત્વ છે, અમુક ખાસ વ્રતમાં અમુક પ્રકારનો ખોરાક જ ખાવો જેમકે મોળાકત, જયાપાર્વતીના વ્રતો ફકત કુવારી દીકરી(૧૨ થી ૨૦ વર્ષ) એ જ કરવા અને આ પાંચ દિવસ મીઠું ખાધા વગર ના ઉપવાસ અને વ્રત કરવા, ફુલકા ત્રીજે ફુલ સૂંઘી ને જ કાંઇ પણ ખાવુ, આવી જ રીતે ભાદરવા સુદ પાંચમ જેને ઋષિપંચમી કહે છે આ દિવસે બહેનો વ્રત–ઉપવાસ રાખીને સામો નામે એક ખાસ જંગલી ચોખાને આરોગે છે. આથી લોકસંસ્કૃતિમાં આ વ્રતને સામા પાંચમ પણ કહેવાય છે. આ બધા વ્રતોમાં જે ખાવા–પીવાના રીવાજો છે તેની પાછળ નું મહત્વ સમજીએ.

પ્રુથ્વી પરની દરેક સજીવસૃષ્ટીના અસ્તિત્વ માટે પ્રજનન જરૂરી છે. સમગ્ર સજીવ સૃષ્ટીના ક્રમીક વિકાસ અને સ્થાનમાં માનવજાતમાં લાગણી અને ચેતનાનું સ્થાન ઉચ્ચ છે. એમાંય પેઢી દર પેઢી ચેતનાનો ઉચ્ચ વિકાસ થાય અને પૃથ્વી પરની સમગ્ર સજીવસૃષ્ટીની સુખાકારી તેમજ પ્રકૃતિ અને પર્યાવરણનું સંવર્ધન અને સંરક્ષણ થાય એ માટે ઉતમ સંતતિ પેદા કરવી એ મનુષ્યની ફરજ અને કૃતજ્ઞતા છે. વંશને વધારનાર અને એમાંય ઉચ્ચતમ સંસ્કાર આવે એની વ્યવસ્થા સ્ત્રી દ્વારા જ શકય છે, આથી ભારતીય સંસ્કૃતીમાં મુળ ઉત્પાદક હેતુ અને સ્થાન એવાં સ્ત્રીત્વને ઉચ્ચતર બનાવવા , જપ, તપ, વ્રત, ઉત્સવથી, આ ધ્યેયને સિધ્ધ કરવા રૂપક




સ્વરૂપે આ વ્રતાદિની પરંપરા સર્જાયેલ છે.માનવનું સર્જન સ્ત્રીબીજ–અંડાણુ અને પુરુષ બીજ શુક્રાણુનાં ફલનથી, સ્ત્રી શરીરમાં થાય છે, પુરુષ તરફથી માનવસર્જનમાં શારીરિક સૌષ્ઠવ તથા બળને સબંધીત ફેકટર્સ મળે છે, જે સ્થુળ હોય છે. પણ સ્ત્રી તરફથી અતિ મહત્વના સુક્ષ્મ પણ જીવંત ભાવો, લાગણી–ઉત્સાહ, સર્જનાત્મકતા વિગેરે પેદા થતા માનવને, મળતા હોય છે, આ ભાવોએ, માનવ દ્વારા સમગ્ર સજીવસૃષ્ટીની સુખાકારીને અસર કરતા હોય છે. આથી સ્ત્રીબીજ અને ગર્ભાશય ઉતમોતમ બની ને રહે એવો સમગ્ર પ્રયત્ન, પ્રાચીન ભારતના સંશોધક, વૈજ્ઞાનિક સમા ઋષિઓનો હતો.દક્ષિણાયનને પિતૃપક્ષ પણ કહે છે, અને આ સમયકાળમાં ચંદ્રના કોસ્મેટિક ઈલેકટ્રો–મેગ્નેટિક રેઝ અત્યંત પ્રભાવી રહે છે, આથી પ્રુથ્વી વાસીઓ બળ–વર્ણ અને ઉર્જાની પ્રાપ્તિ કરે છે. આયુર્વેદ દ્રષ્ટિકોણથી આ સમયકાળને વિસર્ગકાળ કહે છે. માનવનું પ્રકૃતિમાંના પ્રકાશ, વાયુ, જલ અને વનસ્પતિઓના ખાદ્ય આદી દ્વારા બળ–ઉત્સાહ વધે છે. પણ આ ઉર્જા ઉતમ કવોલીટીની સંગ્રહીત કરી શકાય એ માટે એને કંડીશનીંગ કરવી પડે છે, જેને માટે થઈને ભારતીય સંસ્કૃતિમાં વિવિધ વ્રત–ઉત્સવ આ દક્ષિણાયનમાં ઉજવાતા આવ્યા છે. ઉપર લખ્યુ એમ, ઉચ્ચ–ઉર્જાઅને ચેતનાવાળી માનવજાત




પેદા કરવા ઉતમોતમ સ્ત્રીબીજ અને શ્રેષ્ઠ ગર્ભાશયની જરૂરીયાત હંમેશા રહે છે. આ માટે ભારતીય સંસ્કૃતિમાં અને વિશ્વના મોટાભાગના દરેક ધાર્મિક સંપ્રદાયમાં ''રજસ્વાલા પરીચર્યા'' આ ખાસ હેતુથી પાલન કરવાનો આગ્રહ સેવાયેલો હશે. તાજેતરમાં થયેલ મેટાફીઝીકસ આધારીત વૈજ્ઞાનીક સંશોધન બતાવે છે કે, આજે સ્ત્રી વંધ્યત્વના કિસ્સા માટે સામાન્ય નિદાન બની ગયેલ PCOD/PCOS ના સ્ત્રીદર્દી ને સતત ૯ માસ માટે રજસ્વલાપરીચર્યાના ખાસ ચાર દિવસ માં વર્ણિત આહાર, વિહાર અને કેટલીક સાવધાનીઓનું દ્રઢ પાલન કરાવાય તો અપાતી આ વિકારની અન્ય ચિકિત્સા ઝડપથી શ્રેયકર બને છે.

ઋષિપાંચમની જે પૌરાણીક કથાવાર્તા સાંભળવામાં આવે છે, એમાં પણ રજસ્વાલાપરીચર્યા દરમિયાન અજ્ઞાનવશ થતાં અપરાધનો પશ્ચાતાપ અને ક્ષમા–યાચનાનો ભાવ રહેલ છે, સાથે સાથે વૈજ્ઞાનિક વનસ્પતિ કુળ Poaceae ફેમિલીની વૈજ્ઞાનિક નામ Echinochloa colonum થી ઓળખાતી ઘાસ વર્ગની વનસ્પતી, જંગલી ચોખા અથવા અંગ્રેજીમાં જેને awnless barnyard grass કહે છે એનું આયુર્વેદ સંહિતા ગ્રંથોમાં શ્યામક નામથી વર્ણન ગુણ કર્મ જોવા મળે છે. આ વનસ્પતિના ભારતીય ભાષાઓમાં મળતા નામ મુળ સંસ્કૃત પરથી જે તે પ્રદેશની લોકબોલીમાં આવ્યા હોય એવું લાગે છે, આથી તો ગુજરાત માં એને સાંબો કહે છે. આયુર્વેદ દ્રષ્ટિકોણથી સાંબાનો ગુણકર્મ શોષક એટલે કે વધારાના મેદ/ચરબીને દુર કરનાર છે તથા કફઘ્ન અને પિતહર પણ છે. PCOSના વિકાર શમન માટે પણ સાંબા જેવા ગુણકર્મ ધરાવતા દ્રવ્યો આયુર્વેદ ચિકિત્સા દ્રષ્ટીકોણથી ઉપયોગી બને છે. આધુનિક દ્રષ્ટિકોણથી સાંબામાં કેલ્શિયમ, ફોસ્ફરસ, પોટેશીયમ, મેગેનિઝ, મેગ્નેશિયમ, ઝીંક ઉપરાંત કોપર રહેલ છે. આ બધા તત્વો પણ ઉતમ સ્ત્રીબીજ નિર્માણ કરવા




ફિમેલ હોર્મોન્સ સિક્રીશનને સમ્યક કરે છે. ઋષિપંચમીએ સાંબાનું મહત્મ્ય એટલે દર્શાવેલ હશે કે ૧૨ થી ૫૦ વર્ષના વયકાળમાં દરેક વખતે રજસ્વલા સમય દરમિયાન સ્ત્રીઓએ આહારમાં ધાન્ય તરીકે સાંબો જ ખાવો , પણ સાંપ ગયા ને લીસોટા રહ્યા એમ, આપણે પ્રતિકોના માત્ર પુજનમાં માનનારા છીએ, એટલે રીવાજ કે પરંપરા પાછળનો મુળ કલ્યાણકારી ઉદેશ્ય ભુલી જઈને પૌરાણીક ક્રિયાકાંડ ને યંત્રવત કર્યા કરીએ છીએ એની પાછળના મુળ ઉદેશ્ય કે ઉપદેશનું ચિંતન કે જીજ્ઞાસા કરતા જ નથી. ઋષિપંચમીના દિવસે માનવગૌત્રના પ્રવર્તક મુળ સાત ઋષિઓ કશ્યપ, અત્રી, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌત, જમદગ્નિ અને વશિષ્ઠની પ્રતિકાત્મક માટી કે ચોખાની ઢગલીઓ સ્વરૂપે મુર્તિ બનાવીને પુજન કરાય છે, સાથે મહર્ષિ વશિષ્ઠની પત્નિ અઢંધતિનું પણ સ્થાપન–પુજન કરાય છે. આ ઋષિપત્નિ અઢંધતિનું પતિવ્રતા ગુણનો આદર્શ સમજાવવા પ્રતિક પુજન છે.

આપણી સંસ્કૃતિ એ આકાશમાં ધ્રુવના તારાની પાસે દેખાતા સાત તારાના ઝુમખાને સપ્તર્ષિ તારામંડળ તરીકે ઓળખાવેલ છે આ તારામંડળના તારાઓના નામ સ્વાંયભુવ નામે પ્રથમ મંવંતરના સાત ઋષિ મરીચ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રુતુ અને વશિષ્ઠ પરથી અપાયેલ છે જેમાં વશિષ્ઠ તારાની બાજુમાં દેખાતો ઝાંખો તારાને અઢંધતિનો તારો કહેવાય છે, લગ્નની પુર્વસંધ્યાએ કન્યાને આ આઢંધતિના તારાનું દર્શન કરાવાય છે. ફેબ્રુઆરી એટલે કે ફાગણ–ચૈત્ર થી ઓગસ્ટ એટલે કે શ્રાવણ –ભાદરવા સુધી સપ્તર્ષિ તારામંડળના આકાશદર્શન કરીશકાય છે પણ ભાદરવા પછી નથી થતા આથી કદાચ ભાદરવા સુદ પાંચમે આ સપ્તર્ષિનુ પ્રતિકાત્મક પુજન કરાતુ આવ્યુ હશે. ઋષી પંચમી એ અત્યારે જે સાતમો મંવંતર વૈવસ્વત ચાલી રહ્યો છે એના ઋષિ કશ્યપ, અત્રી, ભારદ્વાજ, વિશ્વામિત્ર, ગૌત, જમદગ્નિ અને વશિષ્ઠનુ પુજન અર્ચન કરાય છે. ભાદરવા સુદ પાંચમ એ દક્ષિણાયનમાં આવે છે અને પિતૃપક્ષ છે અને મુળ ઉદેશ્ય તો પેઢી દર પેઢી ઉતમોતમ સંસ્કારી સંતતિ પેદા થાય એ હોવાથી દેવ ને બદલે ઋષિઓનું પુજન અર્ચન કરાય છે.

# ''રિશ્તો મેં નફા-નુકસાન નહીં દેખા જાતા..!''

સંબંધોમાં નફો અને નુકસાનનાં જોવાય. સંબંધોમાં બાદબાકી ગુણાકાર કે ભાગાકાર હોતા નથી. સંબંધોમાં તો માત્ર અવગુણો કે દોષની બાદબાકી અને સદગુણ અથવા તો સારાપણાનો સરવાળો હોય છે. સંબંધોમાં એકબીજા પ્રત્યેનાં અણગમા અને દોષનો ભાગાકાર કરીનેં જે સદ્‌લાગણીની શેષ વધે તેને જીવનમાં અપનાવવાની હોય છે. મિત્રો સંબધોમાં માત્ર ગુણાકાર લાગણીઓનો કરીને સંબંધનેં સુચારૂ બનાવવાનો હોય છે. આપણા જીવનમાં જીવાતા સંબંધો કોઈ વ્યાપાર નથી હોતા, કે જેમાં નફો અને નુકસાન જોવાનું હોય, સંબંધોએ તો એકબીજા પ્રત્યેની કુણી લાગણી અને છે, જે ઉત્તરોત્તર એકબીજામાં જીવાતી હોય ત્યારે જ તે સંબંધ છે તે ગરિમા જળવાતી હોય છે.

હું એક વાર્તા કહું....'એક યુવાન દંપત્તિ પોતાના ચાર વર્ષના દીકરાને લઈને, કારમાં એક શહેરમાંથી બીજા શહેરમાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમને એક લારીમાં તરબૂચ વહેચતી છોકરીનેં જોઈ. તરબૂચ જોઈનેં પેલા નાનાં છોકરાએ તેના મમ્મી પપ્પા પાસે તરબૂચ લેવાની જીદ કરી.પેલા દંપતીમાંથી પત્ની પેલી તરબૂચ વહેંચવા વાળી છોકરીનેં તરબૂતનો ભાવ પૂછયો. પેલી છોકરીએ તરબૂતનાં ૫૦ રૂપિયા કહ્યા. બન્ને વચ્ચે તરબૂતનાં ભાવ માટે રકજક થઈ. પેલી સ્ત્રીએ તરબૂચ ૩૦ રૂપિયામાં માગ્યું. છોકરીનાં કહી. પછી પેલી સ્ત્રીએ ૪૦ રૂપિયામાં તરબૂત આપવા કહ્યું, પરંતુ છોકરીએ કહું :' તમે ૪૫ રૂપિયામાં લઈ લો.. મને પણ ઘરમાં ૪૦ રૂપિયામાં પડે છે. પેલી તરબૂત વહેંચવાવાળી છોકરી તરબૂચ લઈનેં તેમની કારનાં કાચ પાસે આવી, પેલી સ્ત્રી ફરી તરબૂચનાં ભાવ ઘટાડવા પ્રયત્ન કર્યો, અને કહુ 'આ તારા ભાઈ માટે તો ૪૦ રૂપિયામાં આપી દે'ત્યારે પહેલી તરબૂત વહેંચવાળી છોકરીએ કહું :– આ ખૂબ સુંદર છોકરો છે, તેનું નામ પુછયું અને તેની સાથે વાત કરતા કરતા પહેલા છોકરાનાં હાથમાં તરબૂચ આપ્યું.પેલો નાનો એવો છોકરો તરબૂચનું વજન ઉપાડી નાં શકયો, અને તરબૂત નીચે પડી ગયું, અને તેના ચાર – પાંચ ટુકડા થઈ ગયા. પેલી છોકરી ફરી પોતાની લારીએ જઈને બીજું તરબૂત લઈ આવી અને તેં દંપતી આપ્યું.આ ઘટના જોઈને દંપતીમાંથી સ્ત્રીએ અકળાયને પેલી છોકરીને કહ્યું






કે, 'હું તને બન્ને તરબૂતનાં પૈસા નહીં આપું, અને આ તરબૂતનાં પણ ૪૦ રૂપિયા જ આપીશ. ત્યારે પેલી વહેંચવા વાળી છોકરીએ હસીને કહ્યું મારે આ તરબૂચનાં પૈસા નથી જોઈતા.! મને તો બન્ને તરબૂતમાંથી એકપણ તરબૂતનાં પૈસાનથી જોઈતા, તમેં હમણાં તો કહ્યું, કે આ તારો ભાઈ છે, તો એ હિસાબથી તો તમે મારી માઁ થયા', મારી માઁ કહે છે કે...'સંબંધોમાં નફો નુકસાન નથી જોવાતું'. બન્ને પતિ પત્ની તેં છોકરી સામે જોઈ રહ્યા. દંપતીમાંથી સ્ત્રીએ પોતાના પર્સમાંથી ખૂબ કિંમત બંગડી નિકાળીને પેલી છોકરીનાં હાથમાં આપી. પેલી છોકરીએ કહું કે' તરબૂચનાં બદલામાં આ બંગડી ખૂબ કિંમતી છે, ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું કે, 'તું મારાં દીકરાને ભાઈ માને છે, તો તું મારી દીકરી થઈને.. એટલે આ તારી માટે ગિફ્ટ. 'પતિ વિચારવા લાગ્યો કે, આ મારી પત્ની હમણાં તરબૂચનાં ભાવ માટે રકજક કરતી હતી, તેણે આટલી કિંમતી બંગડી ગિફ્ટમાં આપી દિધી...! અને તેના કાનમાં ફરી પેલી છોકરીની વાત ગુંજવા લાગી.. ' સંબંધોમાં નફો નુકસાન નથી જોવાતું..'

તે યુવાદંપત્તિમાંથી પતિએ પોતાના મોટાભાઈને ફોન કરીને કહ્યું, ' મોટાભાઈ આપણી સંપત્તિમાંથી તમે બધું જ રાખી લો, મારે કશું નથી જોતું, બસ તમે કોર્ટમાંથી કેસ પાછો ખેંચી લો, અને મને તમારા આશીર્વાદ, અને તમારા ચરણોમાં જગ્યા આપો..! મોટાભાઈ સંબંધોમાં નફો નુકસાન નથી જોવાતા. ' સામેથી મોટાભાઈએ પણ કહ્યું કે, 'ભાઈ તું તો મારી કરતા ઉંમરમાં નાનો છે, તારે જે કંઈ પણ થતું હોય તો બધું જ રાખી લે. પહેલા આટલા પ્રેમથી વાત કરવી હોત તો, ચલ કાઈ વાંધો નહી ઘરે આવી જા સાથે બેસીને ચા પીએ. અને બધું શોર્ટ આઉટ કર દઈએ.'

આપણા ધાર્મિક ગ્રંથો પાસેથી પણ આપણને સૌને આજ વાત શીખવા મળે છે. સંબધોમાં જીત કે હાર નાં હોય.. સંબંધોમાં ત્યાગની ભાવના ખૂબ જરૂરી હોય છે. કયારેક પોતાના લોકોને સાથે રાખવા માટે આપણે પોતાના હક છોડવા પડતા હોય છે. સંબંધો જ આપણા સાચા ઘરેણાં છે. સુચારૂ સંબધો એ વ્યક્તિની આવડત અને તેની 'let go' કરવાની ભાવના પર ટકેલા હોય છે.

# સામા પાચમ, ઋષિ પંચમી, કે રખ પાંચમ

હિન્દુ શાસ્ત્ર મુજબ ભાદરવા સુદ પાંચમનું ઘણું મહત્વ કહેવામાં આવ્યું છે. જેને સામા પાંચમ કે ઋષિ પંચમી કે રખ પાંચમ પણ કહે છે. ભાદરવા સુદ પાચમને દિવસે સ્ત્રીઓનાં રજોદર્શન દરમિયાન જાણ્યે અજાણ્યે થતા દોષો નિવારવા આ વ્રત કરે છે. ઋષિ પંચમી તરીકે પણ આ વ્રત ઓળખાય છે. આ દિવસે સવારે વહેલા ઉઠી અઘેડાનું દાતણ કરી શરીરે માટી ચોળી આમળાની ભૂકી નાખી માથું ચોળીને નાહવું ધૂપ દીવો કરી. અરૂંધતી સહિત સપ્ત ઋષિઓને એટલે કે સાત ઋષિઓને યાદ કરવા ઉપવાસ કરવો સામો ખાવો. આમ પાંચ વર્ષ સુધી વ્રત કર્યા પછી ઉજવણી કરે છે એ વખતે બ્રાહ્મણોને યથાશકિત દાન આપવું. આ વ્રતમાં સામો ખાવાનું ખાસ મહત્વ છે. આ દિવસે સવારે વહેલા ઉઠીને નાહી ધોઈને ઘીનો દીવો કરવો ત્યારબાદ મહર્ષિ કશ્યપ અત્રી, વિશ્વામિત્ર, ભારદ્વાજ, ગૌતમ જમદગની અને અરૂંધતી સહિતનું ધ્યાન કરવું. તેમની માનસિક પુજા કરીને નિવેદનમાં કોઈપણ એક ફળ ધરાવવું ફળાહાર કરવો સામો ખાવો. આમ ભકિતપુર્વક આ વ્રત જે કોઈ સ્ત્રી કરે તો રજસ્વલા ધર્મ થયેલા દોષોનો નાશ થાય છે. જે કોઈ સ્ત્રી ભકિતભાવ પુર્વક સામા પંચમીનું વ્રત કરે છે. તેની કથા વાર્તા સાંભળે છે. તેનો સર્વોદોષો દુર થાય છે. તેને શારીરક માનસિક સુખ શાંતિ પ્રાપ્ત થાય છે. પરિવારનાં મૃતકોની મોક્ષ પ્રાપ્તિ માટે પરિવારજનો રખ પાંચમનો ઉપવાસ કરે છે. અને છઠ્ઠના દિવસે પારણા કરે છે. બ્રહ્મ ભોજન પણ કરાવીને દાન દક્ષિણા અપાય છે આમ ઋષિ પંચમીનું આ રીતે ખુબ મહત્વ છે.

**દીપ્તિ પી. રાવલ**
**ઉપલેટા, જિ. રાજકોટ**

# મિચ્છામિ દુક્કડમ

**પર્યુષણ પર્વ નિમિત્તે કવિતા**



કરવા ખાતર ના આ કાજ કરજો
કરવાં ખાતર ના આ કાજ કરજો
સાચે સાચું જ સેને માફ કરજો
દુભાવ્યા હોય તેને અશ્રુથી ધોઈ
એ રીતે નિજ હૃદયને સાફ કરજો
જીતવાં જેવું દિલ જ છે આ જગમાં
સરળ સહજ બની ત્યાં રાજ કરજો
માફી આપવી એ તો છે વિરનું કામ
માફી માંગી મહાવીર રિવાજ કરજો
જે કર્મની માફી માંગી કર્મ તે ત્યજજો
રાગ,દ્વેષ,મોહ,મત્સરથી લાજ ભરજો
જાણતાં સાથે અજાણતાંય થાય પાપ
ક્ષમા માંગી અશુભોને તારાજ કરજો
મિચ્છામિ દુક્કડમ નો આજીવન અમલ
આચરણ થકી સદા આ જાપ કરજો

**મિતલ ખેતાણી (રાજકોટ, મો. નં. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસનાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દિનની ઉજવણી



૫ સપ્ટેમ્બર સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસને શિક્ષક દિવસ તરીકે ઉજવીએ છીએ. શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ, જ્ઞાન શકિત રેસીડેન્સી સ્કૂલ ઓફ એકસેલન્સ તેમજ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલના વિદ્યાર્થીઓ ધ્વારા સમગ્ર શાળા સંચાલન કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓ વિષય શિક્ષક, પ્રિન્સિપાલ બની અભ્યાસ અને સહ અભ્યાસિક કાર્ય કરેલ. વિદ્યાર્થીઓમાં શિક્ષક બનવાનો અનેરો ઉમંગ દેખાય રહ્યો હતો. વિદ્યાર્થીઓને શિક્ષકની ભૂમિકામાં અનુભવ થયો કે શિક્ષકો ખૂબ જ મહેનતથી વિદ્યાર્થીઓને જે તે વિષયનું જ્ઞાન આપતા હોય છે. જેમાં વિદ્યાર્થીઓએ પણ તે જ્ઞાનને ગ્રહણ કરવા હંમેશા શિસ્ત સાથે આદર્શ વિદ્યાર્થી બની જ્ઞાન મેળવવું જોઈએ. આવી રીતે આજે શિક્ષક દિનમાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક બની અભ્યાસ કરાવેલ જેથી શિક્ષક દિન ખૂબ જ સારી રીતે ઉજવાયું અને વિદ્યાર્થીઓમાં દિવસ અનુભૂતિ થઈ હતી. ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન પોતાના જીવન દરમિયાન કોલેજ યુનિવર્સિટીના વિદ્યાર્થી પ્રિય પ્રોફેસર કુલપતિ ઉપરાંત ત્રણ વર્ષ રશિયામાં ભારતના રાજદૂત તરીકે, દસ વર્ષ ભારતના ઉપરાષ્ટ્રપતિ અને પાંચ વર્ષ ભારતીય દ્વિતીય રાષ્ટ્રપતિ તરીકે, ચાર વર્ષ યુનેસ્કોની કારોબારી સમિતિના સભ્યો અને અધ્યક્ષ તરીકે મહત્વના હોદા પર રહી અભૂતપૂર્વ કામગીરી કરી હતી. વિશ્વના ૧૩ દેશોએ તો તેમને માનદ ડોકટરેટની પદવીથી નવાજયા હતા. આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ સ્ટાફ અને વિદ્યાર્થીઓને શિક્ષકદિનના અભિનંદન પાઠવ્યા.

### ગણેશ મહોત્સવ અને પર્યુષણ સહિતના પર્વને ધ્યાને લઇ

## બાબરા પોલીસ સ્ટેશનમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### સ્થાનિક રાજકીય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૭

બાબરામાં આગામી તહેવારો ગણપતિ મહોત્સવ અને જૈનોના મહાન પર્વ પર્યુષણ પર્વની શાંતિ સલામતી અને ભાઈ ચારા સાથે ઉજવણી કરવામાં આવે તે માટે બાબરા પોલીસ સ્ટેશનમાં પી આઈ દ્વારા એક શાંતિ સમિતિ ની બેઠક બોલાવી હતી જેમાં સ્થાનિક રાજકીય સામાજિક અને હિન્દૂ મુસ્લિમ અગ્રણીઓ તેમજ ગણેશ ઉત્સવ ના આયોજકો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક માં તહેવારો ની ઉજવણી બાબતે પી આઈ દ્વારા જરૂરી માર્ગદર્શન અને માહિતી આપી હતી.

### ધારાસભ્ય જે.વી. કાકડીયાનાં હસ્તે ચેક વિતરણ

## દીપડાનાં હુમલામાં મોતને ભેટનારના પરિવારજનોને પાંચ લાખની સહાય

### ધારીના ગરમલી પાસે ઘટના બની હતી

અમરેલી, તા. ૭

ધારી નજીક ગરમલી ગામ પાસે એક દીપડા દ્વારા બે વર્ષના બાળક ચિરાગ વિપુલભાઈ ભાભોર ઉપર શિકારની ગણતરીએ દીપડા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો જે હુમલામાં બાળકનું મૃત્યુ થયું હતું. ત્યારે સરકારશ્રીના નિયમો અનુસાર મૃત્યુ પામનારના પરિવારને પાંચ લાખ રૂપિયા આપવાના હોય છે જે બાબતથી વન વિભાગ દ્વારા માત્ર ગણતરીના જ દિવસોમાં જરૂરી કાગળી કાર્યવાહી પતાવીને મૃત્યુ પામનાર બાળકના પિતા વિપુલભાઈ ભાભોર ને ધારાસભ્ય જે.વી. કાકડીયાના હાથે ચેક અર્પણ કરાયો હતો ત્યારે વન વિભાગના આરએફઓ જયોતિબેન વાંઝા ફોરેસ્ટર અને ગાર્ડ સહિતનો સ્ટાફ દ્વારા ગરમલી જઈને તેમના પરિવારને આ પાંચ લાખનો ચેક સુપ્રત કરવામાં આવ્યો હતો.



## ધારી : દામાણી હાઈસ્કુલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ



અમરેલી, તા. ૭

પમી સપ્ટમ્બરે સમગ્ર ભારતવર્ષમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ હોય ભારતભરમાં શિક્ષકદિવસના નામે ઉજવવામાં આવે છે. શિષ્ત, ક્ષમા અને કઢણાનો સુભગ સમન્વય એવા શિક્ષકને યાદ કરીને શ્રી જી.એન. દામાણી શાળાના ૫૦ વિદ્યાર્થીઓએ સારસ્વતની ભૂમિકા અદા કરી મા સરસ્વતીને પૂજન અર્ચન કરી શાળાને ઉજળી કરી બતાવી છે. આજના દિવસે ભાગ લેનાર દીકરા – દીકરીઓ ખૂબ ઉત્સાહથી શાળામાં દરેક વિષય ને વર્ગમાં અભ્યાસ કરાવી એક દિવસ સમગ્ર શાળાનું સંચાલન કર્યુ હતું. પ્રાર્થનાસભા, ગુઢવાણીમાં શિક્ષકનો મહિમા બતાવી કાર્યનો શુભારંભ કર્યો અને શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી. આ તકે શાળાના આચાર્યશ્રી માનસિંહ બારડ તથા પ્રમુખશ્રી અને સરપંચશ્રી ધારી ગ્રામ પંચાયત શ્રી ભુપતભાઈ વાળા, શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી દિપકભાઈ અને ધારી ગ્રામ પંચાયત ટીમે શ્રી જી.એન.દામાણી શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા.

### પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં આંબરડી ગામનાં

હતા અને વરસાદ ધીમો ચાલુ હતો. તે દરમ્યાન સાવરકુંડલા નજીક મહુવા રોડ સોમનાથ મહાદેવના મંદિર પાસે રસ્તામાં કોઈ અજાણ્યો રાહદારી રસ્તો ક્રોસ કરતા તેને બચાવવા જતા પોતાની મોટર સાયકલનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા પોતાને માથાના ભાગે ગંભીર ઈજા તેમજ શરીરે નાની–મોટી ઈજાઓ થતા મોટરસાયકલ ચાલકનું મોત નિપજયું હતું.

### પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં ઘઉંનાં કટ્ટા નીચે

તનસુખભાઈ દેવજીભાઈ ભેંસાનિયા, જયંતીભાઈ જીવરાજભાઈ ભેંસાનિયા તથા વિપુલભાઈ બાલાભાઈ ગોહિલ સહિતનાઓને સારવાર માટે અત્રેના સરકારી દવાખાને ખસેડવામાં આવેલ હતાં. તે પૈકી વિપુલભાઈ દિનેશભાઈ કનક નામનાં ૩૦ વર્ષિય શ્રમિકનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે અન્ય શ્રમિકોને સારવાર હેઠળ રખાયા છે.

આ બનવાની જાણ માર્કેટયાર્ડના વેપારીઓ, ખેડૂતો, મજૂરોને થતાં લોકોના ટોળે ટોળા અત્રેની હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતાં.

### ભજન અને ભોજનને જીવનમંત્ર બનાવ્યો હતો તેવા સમર્થ સંત

## ચલાલામાં આજે પુજય 'હરીરામ બાપા' ચોકની લોકાર્પણ વિધિ કાર્યક્રમ યોજાશે

### પુજય વલકુબાપુ, પુજય રતીદાદા, પુજય મહીપતબાપુ સહિતના સંતો, મહંતો ઉપસ્થિત રહેશે

સાવરકુંડલા, તા. ૭

ચલાલામાં આજે સવારે ૧૦ કલાકે શાક માર્કેટ પાસે પુજય 'હરીરામ બાપા' ચોકનું લોકાર્પણ થશે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં દાનેવધામ ચલાલાના મંહત પૂજય વલકુબાપુ, ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂજય શ્રી ડો.રતિદાદા, ભીમનાથ મંદિરના મહંત પૂજય મહીપતબાપુ, ભાયાબાપુ, પ્રતાપબાપુ, ઉદયબાપુ સહીત તમામ મંદિરોના પુજારીઓ તેમજ



અમરેલી જીલ્લા સાંસદ ભરતભાઈ સુતરીયા મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા ધારી, બગસરાના જાગૃત અને લોકપ્રિય ધારાસભ્ય જે.વી. કાકડીયા અમરેલી જીલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો.કાનાબાર અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા સહીત અમરેલી, સાવરકુંડલા, રાજુલા, ખાંભા, લીલીયા, કુંકાવાવ, વડીયા, બગસરા, દામનગર, વંડા, વિજપડી, બાબરા, ગારિયાધાર સહીત જીલ્લાભરમાંથી લોહાણા મહાજનો અને રઘુવીર સેનાના વરિષ્ઠ આગેવાનો ઉપસ્થિત રહેશે. શહેરમાંથી પણ રાજકીય અને સામાજીક આગેવાનો ઉપસ્થિત રહેશે. આ લોકાર્પણ કાર્યક્રમમાં ધૂન, આરતી, ધર્મસભા, ભોજન પ્રસાદ, સત્સંગ, પ્રસાદ વિતરણ જેવા ધાર્મિક કાર્યક્રમો ખુબ ઉત્સાહ ઉંમગ સાથે ઉજવાશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે લોહાણા મહાજન, જલારામ યુવક મંડળ, મહીલા મંડળ સહીતની સંસ્થાના આગેવાનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. સવારે નવ કલાકે લોહાણા મહાજન વાડી થી કળશ યાત્રા શાકમાર્કેટ પાસે 'પૂજય હરીરામ બાપા' ચોકે જશે, ત્યા સંતોના વરદ હસ્તે 'પુજય હરીરામ બાપા' ચોકનુ લોકાર્પણ થાશે તેમ પ્રકાશ કારીયાની યાદીમાં જણાવેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં "ગણપતિદાદા"

ગણપતિજીનું પૂજન કરી શોભાયાત્રાનું આયોજન કરીને ગણપતિજીની સ્થાપના કરી હતો. તો સરકારવાડા, વરસડા માર્ગ, ચકકરગઢ રોડ, શિવપાર્ક, સિનિયર સિટીઝન પાર્ક સહિતનાં સેંકડો સ્થળે ગણપતિજીની સ્થાપના કરવામાં આવી હતી તેમજ જિલ્લાનાં જુદા–જુદા શહેરો, ગામો અને ઘરોમાં પણ ગણપતિજીની સ્થાપના કરવામાં આવી.

અમરેલી જિલ્લાની જનતા ગણપતિજીનાં રંગે રંગાઈ ચુકી છે. ૧૦ દિવસ સુધી ગણેશોત્સવ દરમિયાન વિવિધ ધાર્મિક, સાંસ્કૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

**બાબરા**

બાબરામાં ગણપતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં આવેલ દરેક સોસાયટીમાં તેમજ જાહેર ચોકમાં સ્થાનિક યુવક મંડળ દ્વારા ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

બાબરામાં ભગવતી ધામ સોસાયટી, હરિઓમ નગર સહિતની સોસાયટીમાં સ્થાનિક રહીશો દ્વારા વાજતે ગાજતે ગણપતિ દાદાનું સ્થાપમ કરી ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે તો અહીં લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી યુવક મંડળ દ્વારા પણ ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

શહેરના મહત્વના ચોક શિવાજી ચોકમાં શિવાજી યુવક મંડળ દ્વારા શિવાજી ચોક કા રાજા નામકરણ કરી ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી છે. અહીં સવારમાં ગણપતિ બાપા ની ભવ્ય શોભયાત્રા યુવક મંડળ દ્વારા કાઢવામાં આવી હતી. વાજતે ગાજતે ગણપતિ દાદાનું સ્થાપન કરી ૧૧ દિવસ પૂજન, અર્ચન, ધૂન, ભજન, છપ્પન ભોગ સહિતના કાર્યક્રમો યોજાશે.


## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખવા માંગે છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાનાં મોજે :– કાગવદર ગામના રે.સ.નં.૪૮/p1 ની જમીન હે. ૧–૨૧–૪૧ ચો.મી.(એકર ૩–૦૦–ગુઠા) વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રી દિવ્યરાજભાઈ ભરતભાઈ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડથી ભાડા પટ્ટે રાખવા માંગે છે.**

તા. ૦૮/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૪૨ | ૧૧૭૧ |
| ૨ | શિંગ મોટી | ૯૮૫ | ૧૨૨૮ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૨૫ | ૧૫૫૧ |
| ૪ | તલ સફેદ | ૧૭૫૦ | ૨૭૫૧ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૪૮૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૧૫૦ | ૩૨૭૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૮૮ |
| ૮ | જુવાર | ૩૭૫ | ૮૧૭ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૪૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૯૦ | ૬૧૫ |
| ૧૧ | મગ | ૧૩૮૦ | ૧૪૯૭ |
| ૧૨ | અડદ | ૧૫૪૫ | ૧૮૭૦ |
| ૧૩ | ચણા | ૧૦૫૦ | ૧૪૮૫ |
| ૧૪ | તુવેર | ૧૨૫૫ | ૧૭૧૦ |
| ૧૫ | વાલ | ૧૮૨૨ | ૧૮૨૨ |
| ૧૬ | કપાસ | ૯૭૯ | ૧૬૫૪ |
| ૧૭ | એરંડા | ૧૧૩૯ | ૧૧૫૯ |
| ૧૮ | જીરૂ | ૪૦૨૫ | ૪૬૩૫ |
| ૧૯ | ધાણા | ૮૯૫ | ૧૨૧૦ |
| ૨૦ | મેથી | ૮૧૫ | ૧૧૧૫ |
| ૨૧ | સોયાબીન | ૭૯૧ | ૮૬૦ |
| ૨૨ | રજકાનું બી | ૪૬૭૫ | ૪૭૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૫૫ | ૧૬૫૫ |
| ૨ | જીરૂ | ૪૧૧૫ | ૪૫૧૫ |
| ૩ | ઘઉં | ૪૬૯ | ૫૮૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૦ | ૧૧૧૮ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૩ | શીંગ દાણા | ૧૩૦૦ | – |
| ૪ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૩૬ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૩૯૮ |
| ૬ | જીરૂ | – | ૪૫૦૦ |
| ૭ | કપાસ | ૧૩૦૦ | ૧૬૭૬ |
| ૮ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૧૨ |
| ૧૦ | બાજરો | ૪૫૨ | ૪૮૧ |
| ૧૧ | જુવાર | ૪૮૦ | – |
| ૧૨ | મગ | ૧૩૮૦ | ૧૪૯૧ |
| ૧૩ | ચણા | ૧૩૦૦ | ૧૪૪૨ |
| ૧૪ | તુવેર | ૧૩૪૦ | – |
| ૧૫ | એરંડી | ૧૦૦૦ | – |
| ૧૬ | સોયાબીન | ૫૦૦ | ૮૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ૨ | ઘઉં | ૫૫૦ | ૫૬૫ |
| ૩ | બાજરો | ૪૨૭ | ૪૫૧ |
| ૪ | એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨ | સોયાબીન | ૭૨૫ | ૮૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૮૨ | ૫૩૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૪૩ | ૫૬૩ |
| ૫ | મેથી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૫૨ |
| ૮ | ચણા | ૧૧૩૫ | ૧૪૭૦ |
| ૯ | મગફળી | ૭૧૧ | ૮૪૦ |
| ૧૦ | ધાણા | ૧૧૦૦ | ૧૧૩૫ |
| ૧૧ | તલ કાળા | ૨૮૦૦ | ૨૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૫૧ |
| ૨ | કપાસ | ૧૨૧૧ | ૧૬૪૧ |
| ૩ | બાજરો | ૪૮૨ | ૫૨૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૧ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૮૦૧ |
| ૬ | ચણા | ૧૧૦૦ | ૧૪૬૧ |
| ૭ | જીરૂ | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |

### જિલ્લા કક્ષાનાં રમતોત્સવમાં

# બાબરાની વી.એલ. ગેલાણી વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ વોલીબોલ સ્પર્ધામાં અગ્રેસર

## ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણીએ શુભેચ્છા પાઠવી

બાબરા, તા. ૭

એસજીએફઆઈ અંતર્ગત જિલ્લા કક્ષાએ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ રમતોમાં જિલ્લા ભરની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહ પૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

બાબરા વી. એલ. ગેલાણી વિદ્યાલય વિદ્યાર્થીઓ દ્વારા પણ અહીં વોલીબોલ માં ભાગ લેવામાં આવતા સુંદર પ્રદશન કરવામાં આવતા ટિમ અગ્રેસર રહેતા રાજય કક્ષાએ પસંદગી પામતા આગામી દિવસોમાં વી. એલ. ગેલાણી વિદ્યાલયના વિદ્યાર્થીઓ રાજય કક્ષાએ વોલીબોલ રમવા જશે અને જિલ્લાનું વોલીબોલ ટિમનું નેતૃત્વ સંભાળશે શાળાની ટિમ દ્વારા વોલીબોલ ની રમતમાં સુંદર દેખાવ કરવા બદલ શાળાના મુખ્ય ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણી, આચાર્ય ઈલાબેન ગેલાણી અને કેમ્પસ ડાયરેક્ટર દિનેશભાઈ કુબાવત દ્વારા સમગ્ર ટિમ ને શુભેચ્છાઓ પાઠવી હતી.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

### શાળાના મુખ્ય ટ્રસ્ટી કલ્પેશ ભુવાના માર્ગદર્શન હેઠળ

# બાબરામાં પરિશ્રમ શાળામાં શિક્ષક દિવસની ઉજવણી

## વિદ્યાર્થીઓએ એક દિવસ શિક્ષક બની શૈક્ષણિક કાર્ય કર્યુ

બાબરા, તા. ૭

બાબરામાં પરિશ્ર શાળામાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મ દિવસ પર શિક્ષક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અહીં શાળામાં અભ્યાસ કરતા ધો ૧ થી ૯ વિદ્યાર્થી અકે દિવસ શિક્ષક બની અલગ અલગ વિષય પર કલાસ રૂમમાં વિદ્યાર્થીને શિક્ષણ આપ્યું હતું.

પરિશ્રમ શાળાના ટ્રસ્ટી કલ્પેશભાઈ ભુવા અને કેમ્પસ ડાયરેકટર નરેન્દ્રભાઈ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

### ત્રિસ્તરીય પંચાયતી રાજની વ્યવસ્થાને સુદ્રઢ બનાવવાના ઉદેશ્ય સાથે

# અમરેલી ખાતે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) હેઠળ તાલીમ કાર્યક્રમ યોજાયો

## અમરેલી જિલ્લા પંચાયત દ્વારા આયોજન કરાયું

અમરેલી, તા. ૫

રાજયમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની વ્યવસ્થાને વિશેષ સુદઢ બનાવવા તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ વચ્ચે સંકલન થાય તે ઉદેશ્ય સાથે ગ્રામ પંચાયત ડેવલોપમેન્ટ પ્લાન (GPDP) અમલી છે. ગ્રામ પંચાયત ડેવલોપમેન્ટ પ્લાન (GPDP) વિશે વિગતવાર સમજ અને માર્ગદર્શન આપવા અમરેલી જિલ્લા પંચાયત દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) હેઠળ અમરેલી ખાતે તાલીમ યોજાઈ હતી. આ તાલીમ કાર્યક્રમમાં સાંસદ અને અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને અધિકારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડાએ એક યાદીમાં જણાવ્યું છે.



### વિધાનસભા ચૂંટણી જીતવા ભાજપનું ખાસ પ્લાનિંગ

# મહારાષ્ટ્રમાં નીતિન ગડકરીને અપાઈ મોટી જવાબદારી

## કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સહિત ભાજપના કદાવર નેતાઓ વિધાનસભા ચૂંટણીમાં પ્રચારમાં ભાગ લેવાના છે

મુંબઈ, તા.૭

મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં ભાજપ કોઈ કસર છોડવા માંગતું નથી. જેના માટે પાર્ટી કેન્દ્રીય મંત્રીઓને પણ મેદાને ઉતારવાની તૈયારીમાં છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સહિત ભાજપના કદાવર નેતાઓ વિધાનસભાની ચૂંટણીમાં પ્રચારમાં ભાગ લેવાના છે. વિધાનસભાની ચૂંટણી વિશે વાત કરતાં મહારાષ્ટ્ર ભાજપ પ્રદેશ અધ્યક્ષે કહ્યું કે, 'નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં મહારાષ્ટ્રમાં ૨૧ નેતા અલગ-અલગ સમિતિઓનો ભાગ હશે અને તમામ નેતાઓને જવાબદારી પણ સોંપાઈ છે.' વિધાનસભાની ચૂંટણીની તૈયારી વિશે વાત કરતાં બાવનકુલે કહ્યું કે, 'મહાયુતિ માટે ભાજપે બુથ લેવલ સુધીની વ્યવસ્થા કરી છે. કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને અશ્વિની વૈષ્ણવ પણ મહારાષ્ટ્રના ચૂંટણી પ્રચારમાં ભાગ લેશે. અમે નીતિન ગડકરી સાથે ચૂંટણી પ્રચાર માટે તેમનો તમામ સમય આપવા વિનંતી કરી હતી, જેની સહમતિ આપી દીધી છે. મહારાષ્ટ્ર મહાયુતિમાં ભાજપ સિવાય મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાનીવાળી શિવસેના અને અજિત પવારની આગેવાનીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી પણ સામેલ છે.' થોડા સમય પહેલાં લોકસભા ચૂંટણીમાં ભાજપને મહારાષ્ટ્રમાં ઘણી બેઠકો પર નુકસાન વેઠવું પડ્યું હતું. જેને ધ્યાને લઈ વિધાનસભા ચૂંટણીમાં કમર કસી છે. થોડા અઠવાડિયામાં જ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. જોકે, ભાજપે જાહેરાત પહેલાં જ ચૂંટણી પ્રચારની તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાજપની સ્ટાર પ્રચારકની યાદીમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી રાવસાહેબ દાનવે, નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, મંત્રી સુધીર મુનગંટીવાર, ભાજપ પ્રદેશ અધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુલે અને રાજ્યના અન્ય દિગ્ગજ નેતાઓના નામ સામેલ છે. બાવનકુલેએ આગળ કહ્યું, 'ભાજપ તરફથી ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને સોંપાયું છે. ગડકરીને મહારાષ્ટ્રની જનતા સાથે ખૂબ જ પ્રેમ છે. તે હંમેશા અમારી કોર ટીમ અને રાજ્યના વિવિધ મુદ્દે નજર રાખનારી સંસદીય બોર્ડનો ભાગ રહ્યાં છે. આ સિવાય પૂર્વ કેન્દ્રીય મંત્રી રાવસાહેબ દાનવેને મુખ્ય સંયોજક બનાવવામાં આવશે.' જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણીમાં નીતિન ગડકરીએ નાગપુર સીટથી કોંગ્રેસના વિવેક ઠાકોર સામે લગભગ ૨૫ રેલીઓ કરી હતી. ગડકરી ૧,૩૭,૦૦૦ વોટથી ચૂંટણી જીતી નાગપુર બેઠકથી સાંસદ બન્યા છે.

# ટીંબી : શ્રી નિર્દોષાનંદજી હોસ્પિટલમાં ભાવનગર જીલ્લા બેંકના ચેરમેનનું સન્માન



ટીંબી, તા. ૭

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી (જી.ભાવનગર)ના ટ્રસ્ટી અને હાલમાં મંત્રી તરીકેની જવાબદારી સંભાળતા રસિકભાઈ એ. ભીંગરાડિયાની તા. ૬/૯/૨૪ ના રોજ ભાવનગર ડીસ્ટ્રીકટ કો–ઓ. બેન્ક લી. ના ગૌરવવંતા ચેરમેન પદ પર સર્વાનુમતિએ નિયુકિત થવા બદલ તેઓનું હોસ્પિટલનાં પૂર્વ પ્રમુખ ખીમજીભાઈ દેવાણી, ઉપપ્રમુખ બી.એલ.રાજપરા, ટ્રસ્ટી લવજીભાઈ નાકરાણી, સુપ્રિ.ડો. જયેશ પટેલ સાહેબ, એડમીન પ્રશાંત પંડયા, કન્સલ્ટન્ટ ડોકટરો, મેડીકલ ઓફિસરો તેમજ સમગ્ર હોસ્પિટલ સ્ટાફ પરિવાર દ્વારા ફુલહાર તથા પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે રસીકભાઈ ભીંગરાડિયા હોસ્પિટલનાં નિર્માણથી આજ સુધી વહીવટી જવાબદારી સંભાળી રહ્યા છે. છેલ્લા ૩૫ વર્ષથી જીલ્લાનાં વિવિધ રાજકીટ હોદા ઉપર નિષ્ઠા પૂર્વક જનતાના પ્રાણ પ્રશ્નો ઉકેલવામાં સક્રિય ભુમિકા ભજવી રહ્યા છે. ભાવનગર જીલ્લા સહકારી બેન્કના ચેરમેનપદની પ્રતિષ્ઠા ભરી ચુંટણીમાં જવલંત સફળતા મેળવવા બદલ સમગ્ર હોસ્પિટલ પરિવાર ખુબ ખુબ અભિનંદન સાથે રાજકીય અને સામાજીક ક્ષેત્રે ઉત્તરોતર પ્રગતિ કરો તેવી હોસ્પિટલનાં પ્રણેતા પ.પૂ. સદગુરૂદેવને પ્રાર્થના સહ શુભેચ્છન પાઠવી હતી.

# અમરેલીનાં ગજેરા શૈક્ષણિક સંકુલમાં શિક્ષક દિનની ઉજવણી



અમરેલી, તા. ૭

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટમાં સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે ૫ સપ્ટેમ્બર શિક્ષણદિનની ઉજવણી દરેક વિભાગના કલાસ વાઈઝ કરવામાં આવેલ દરેક કલાસમાં શિક્ષણ કાર્યથી તમામ સંચાલન વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ ઉદેશાર્થે વિદ્યાર્થીને એક આત્મશ્રલાઘ થાય કે હું પણ શિક્ષકની ભૂમિકામાં કાર્ય કરી શકુ સામે વિદ્યાર્થીનીઓને પણ થાય કે એક તરીકેનો રોલ આપણે પણ ભજવી શકીએ. વર્ષોથી સંસ્થામાં આ પ્રક્રિયા થાય છે તેમ સંસ્થા વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.

### સૌરાષ્ટ્રના અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડની ઘટના

# ગોંડલ APMC માં પ્રતિબંધિત ચાઇનીઝ લસણ મળી આવ્યું

## ચાઇનીઝ લસણની ૩૦ બોરી નજરે ચડતા અધિકારીઓ ચોંકયા

ગોંડલ, તા.૭

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં બે દિવસ પહેલાં થયેલી લસણની આવકમાં ચાઈનીઝ લસણ પણ ૩૦ બોરી મળી આવતાં ઉહાપોહ મચી ગયો છે અને તપાસનો ધમધમાટ ચાલુ કરી દેવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રના અગ્રીમ ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં હાલ અલગ - અલગ જણસની પુષ્કળ આવક ચાલુ છે. જેમાં બે દિવસ પહેલાં લસણની પણ મોટી આવક થઈ હતી. આ દરમિયાન ગોંડલ માર્કેટયાર્ડના કર્મચારીઓને ચાઈનીઝ લસણની ૩૦ બોરી નજરે ચડતા અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આરોગ્યની દ્દષ્ટિએ હાનિકારક હોવાથી ભારત સરકારે ચાઈનીઝ લસણ પર પ્રતિબંધ મૂક્યો છે. કારણ કે ચાઈનીઝ લસણ હલકી ગુણવત્તાનું અને ખૂબ જ સસ્તું હોય છે. ભારતના ખેડૂતોને નુકસાન વેઠવું ન પડે તે માટે સરકારે પ્રતિબંધ લગાવેલો છે. આ મામલે માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરિયાનું ધ્યાન દોરતાં તેમણે ચાઈનીઝ લસણની ૩૦ બોરી અલગ તારવી લઈને રાજ્ય સરકારનું માર્ગદર્શન માંગી. આ જથ્થો કોણે મંગાવ્યો અને કોણે મોકલ્યો? એ અંગે તપાસ શરુ કરાવી છે. જો ચાઈનીઝ લસણ ગુજરાતમાં આવશે તો ગુજરાતના ખેડૂતોને ભારે નુકસાન વેઠવું પડશે.

### ખેડૂતોમાં વ્યાપી ખુશી

# ભાવનગરનો રોજકી ડેમ સીઝનમાં પહેલીવાર થયો છલોછલ

## ઉપરવાસમાં સારા વરસાદથી જળાશયોમાં નવા નીરની આવક થઈ છે

ભાવનગર, તા.૭

ભાવનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. ઉપરવાસમાં સારા વરસાદથી જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. આ ચોમાસાની સીઝનમાં પહેલીવાર રોજકી ડેમ સંપૂર્ણ ભરાયો છે. ડેમ સંપૂર્ણ ભરાઈ જતા ડેમવાસના વિસ્તારમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે અને નીચાણવાળા ૧૦ ગામડાને સતર્ક કરવામાં આવ્યા છે. થોરાળા, ગોરસ, સાગનીયા લખુંપરાને સતર્ક કરવામાં આવ્યા છે. આ તરફ કુભણ, નાના જાદરા, ઉમણીયાવદરે, મહુવા અને કતપર સહિતના ગામોને પણ એલર્ટ કરવામાં આવ્યા છે. સીઝનમાં પહેલીવાર રોજકી ડેમ ઓવરફ્લો થતા ખેડૂતોમાં ખુશી વ્યાપી છે. ખેડૂતોને હવે સિંચાઈ માટેની કોઈ સમસ્યા નહીં રહે. ડેમ સંપૂર્ણ ભરાઈ જતા ડેમની નીચેના વિસ્તારોમાં આવતા નદીના પટમાં કોઈ પણ વાહન તેમજ માલઢોર લઈને અવર જવર ના કરવા તંત્ર દ્વારા જાહેરાત કરવામાં આવી છે. રોજકી સિંચાઈ યોજના ૧૦૦% ભરાઈ જવાંથી અસરગ્રસ્ત વિસ્તારોમાં સાવચેતીના ભાગ રૂપે એલર્ટ આપવામાં આવ્યુ છે.

આ તરફ નિકોલ ગામમાં બનેલો નિકોલ બંધ પણ સંપૂર્ણ ભરાયો છે. નદી તેમજ ડેમમાંથી આવતું વરસાદી મીઠું પાણી જે દરિયામાં જતુ હોય તેને સ્ટોરેજ માટે તાલુકામાં મોટા બે બંધાર બનવામાં આવ્યા છે .ત્યારે રોજકી ડેમ તેમજ નિકોલ બંધારો પરીપૂર્ણ ભરાઈ ચૂક્યા છે. આ જળાશયોથી આસપાસના વિસ્તાર તેમજ તાલુકાને ઘણા ફાયદાકારક છે. બંધારાના પાણીને આજુ બાજુના ખેડૂતો માટે આશીર્વાદ રૂપી માનવામાં આવી રહ્યા છે.

### ગૃહમંત્રી અમિત શાહે રાહુલ ગાંધીના નિવેદન અંગે વળતો પ્રહાર કર્યો

# શું રાહુલ પાસે કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાની સત્તા છે?

## ચૂંટણી બાદ યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો પાછો આપવામાં આવશે : નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ પથ્થરમારો કરનારની મુક્તિ ઇચ્છે છે : અમિત શાહ

જમ્મુ, તા.૭

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાહુલ ગાંધીના નિવેદન અંગે વળતો પ્રહાર કર્યો છે. અમિત શાહે કહ્યું, 'રાહુલ ગાંધી કહે છે કે તેઓ જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપશે. શું તેમની પાસે આવું કરવાની સત્તા છે? મેં સંસદમાં કહ્યું છે કે ચૂંટણી બાદ યોગ્ય સમયે રાજ્યનો દરજ્જો પાછો આપવામાં આવશે.'

વિધાનસભા ચૂંટણીને પગલે અમિત શાહ જમ્મુ કાશ્મીરની બે દિવસીય મુલાકાતે છે. આ દરમિયાન જમ્મુમાં આયોજિત એક ચૂંટણી રેલીમાં તેમણે કહ્યું હતું કે, 'કલમ ૩૭૦ હટ્યા બાદ પહેલી વખત જમ્મુ-કાશ્મીરના લોકો વોટ આપવા જઈ રહ્યા છે. હું પોતાના કાર્યકર્તાઓને કહેવા ઈચ્છું છું કે તેઓ નક્કી કરે કે વિપક્ષી ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ જાય. આ ચૂંટણી ઐતિહાસિક છે. પહેલી વખત જમ્મુ-કાશ્મીરના લોકો એક જ ધ્વજના છાયડામાં વોટ આપવા જઈ રહ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં કોઈ અલગ વડાપ્રધાન હશે નહીં. ભાજપે જ આતંકીઓને વીણી વીણીને માર્યા અને વર્ષો પછી અમરનાથ યાત્રા મુક્ત વાતાવરણમાં યોજાઈ છે.'

ગૃહમંત્રીએ આગળ કહ્યું, 'હું ઈચ્છું છું કે તમે તમામ મતદાનના દિવસે સવારે ૧૧.૩૦ વાગ્યા પહેલાં મતદાન કરો. નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ પથ્થરમારો કરનારની મુક્તિ ઈચ્છે છે. તેઓ રાજૌરી અને પૂંછમાં આતંકવાદને પ્રોત્સાહન આપવા ઈચ્છે છે. અમે ઉપદ્રવીઓને જેલમાં નાખી દીધા છે. તેઓ ઈચ્છે છે કે એલઓસીની પાર વેપાર ફરીથી શરુ થાય તેનાથી કોને ફાયદો થશે? આપણે શાંતિ સ્થાપિત થવા સુધી પાકિસ્તાન સાથે વાત કરીશું નહીં.' અમિત શાહે એમ પણ કહ્યું કે, 'તેઓ શંકરાચાર્ય હિલનું નામ બદલીને તખ્ત-એ-સુલેમાન રાખવા ઈચ્છે છે. શું તમે તેની પરવાનગી આપશો? ત્રણ પરિવારોએ જમ્મુ-કાશ્મીરને લૂંટ્યું છે. તેઓ જમ્મુને તેના અધિકારોથી વંચિત રાખવા ઈચ્છે છે. તેઓ જમ્મુ-કાશ્મીર માટે સ્વાયત્તતા ઈચ્છે છે. હવે કોઈ પણ તાકાત જમ્મુ-કાશ્મીરમાં સ્વાયત્તતાની વાત કરવાની હિંમત કરશે નહીં.'

રાહુલ ગાંધીએ ૪ સપ્ટેમ્બરે જમ્મુ-કાશ્મીરમાં કહ્યું હતું કે '૧૯૪૭ બાદ પહેલી વખત એક રાજ્ય પાસેથી તેના અધિકાર છીનવાઈ ગયા છે. માત્ર કોંગ્રેસ પાર્ટી અને નેશનલ કોન્ફરન્સની જ નહીં, દરેક નાગરિકની જવાબદારી છે કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવામાં આવે. ભાજપ-સંઘ કંઈ પણ કહે, અમે જમ્મુ-કાશ્મીરના લોકોને તેમનો રાજ્યનો દરજ્જો પાછો આપવા જઈ રહ્યા છીએ.'

રાહુલે આગળ કહ્યું હતું, 'તમારું માત્ર સ્ટેટ છીનવાઈ ગયું નથી, તમારા અધિકાર, તમારું ધન પણ છીનવાઈ રહ્યું છે. ૧૯૪૭માં અમે રાજાઓને હટાવીને લોકતાંત્રિક સરકાર બનાવી. આજે જમ્મુ-કાશ્મીરમાં રાજા બેઠા છે. તેમનું નામ એલજી છે. ત્યાં એલજી ૨૧મી સદીના રાજા છે. તેઓ જે ઈચ્છે છે, તે કરે છે.

ત્યાંના લોકોને ન તો રોજગાર મળે છે અને ના કોઈ અન્ય લાભ. સરકાર આ બધું બહારના લોકોને આપે છે.' આ તમામ વાતના અમિત શાહે જવાબ આપતાં કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આક્રમક પ્રહાર કર્યા હતા.

### આજનું ભારત દસ વર્ષ પહેલા હતું તેવું નથી : ઉપરાષ્ટ્રપતિ

# "રાષ્ટ્રવાદ સાથે સમાધાન કરવું એ રાષ્ટ્ર સાથે સૌથી મોટો વિશ્વાસઘાત છે"

## ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે સૈનિક સ્કૂલના કેડેટ્સને કહ્યું, નિષ્ફળતા એ જ સફળતાનો પાયો છે

ગોરખપુર, તા.૭

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે આજે નાગરિકોને રાષ્ટ્રવાદ સાથે સમાધાન કરવા સામે ચેતવણી આપી હતી અને તેને "રાષ્ટ્ર સાથે અંતિમ વિશ્વાસઘાત" ગણાવ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "જ્યાં પણ કોઈ પણ રાષ્ટ્રની અખંડિતતાને જોખમમાં મૂકે છે, આપણે તેને સહન કરવું જોઈએ નહીં." રાષ્ટ્ર પ્રત્યેની ફરજને આપણે હંમેશાં સ્વાર્થ અને રાજકીય હિતથી ઉપર રાખવી જોઈએ તે બાબત પર પ્રકાશ પાડતા ઉપરાષ્ટ્રપતિએ ચેતવણી આપી હતી કે આમ કરવામાં નિષ્ફળતા એ ભારતની સભ્યતાની નૈતિકતા પર હુમલો કરવા સમાન છે, જે અનેક સહસ્ત્રાબ્દીઓ સુધી ફેલાયેલી છે. આજે શનિવારે ઉત્તરપ્રદેશમાં સૈનિક સ્કૂલ ગોરખપુરના ઉદઘાટન પ્રસંગે મુખ્ય સંબોધન કરતાં ઉપરાષ્ટ્રપતિએ સૈનિક સ્કૂલ ચિત્તોડગઢના વિદ્યાર્થી તરીકેના પોતાના દિવસોને યાદ કર્યા હતા અને તેમની વ્યક્તિગત અને વ્યાવસાયિક સફરને આકાર આપવામાં તેમની અલ્મા મેટરની અસર પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, "જ્યારે મારો જૈવિક જન્મ કિથાના ગામમાં હતો, ત્યારે મારો અસલી જન્મ સૈનિક સ્કૂલ ચિત્તોડગઢમાં થયો હતો." પરિવર્તનશીલ પરિવર્તનના કેન્દ્ર તરીકે શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા ધનખરે વ્યક્તિને તેમના જીવન પર વધુ નિયંત્રણ આપવા, અને અસમાનતાઓનો નાશ કરવામાં અને સમાજમાં વ્યાપકપણે ગેરરીતિઓને દૂર કરવામાં શિક્ષણની શક્તિ પર પ્રકાશ પાડ્યો હતો. વૈશ્વિક મંચ પર આજે ભારતની વિશિષ્ટ ઓળખ તરફ ધ્યાન દોરતા ઉપરાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "દેશને એ પથ પર અગ્રેસર કરવામાં" પ્રદાનને બિરદાવ્યું હતું, જેને સમગ્ર વિશ્વ ઓળખે છે. ધનખરે કહ્યું હતું કે, "આજનું ભારત દસ વર્ષ પહેલાં હતું તેવું નથી. "આર્ટિકલ ૩૭૦, જેને બંધારણના ઘડવૈયાઓએ કામચલાઉ ગણાવ્યું હતું, તેને કેટલાક લોકો દ્વારા કાયમી માનવામાં આવતું હતું. આ દાયકામાં તેને નાબૂદ કરી દેવામાં આવી છે. આ આજનું ભારત છે."

ગોરખપુરમાં નવી સૈનિક સ્કૂલની સ્થાપના પ્રસંગે તેમની પ્રશંસા કરતા ઉપરાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ શાળા ભાવિ પેઢીઓના વિકાસ માટે માર્ગ મોકળો કરશે. "તે અન્ય રાજ્યો માટે અને સમગ્ર દેશ માટે અનુકરણ કરવા માટે એક માપદંડ સ્થાપિત કરશે," ધનખરે વિસ્તૃત વર્ણન કર્યું હતું. ઉત્તરપ્રદેશ રાજ્ય દ્વારા શાસનમાં અને કાયદાના શાસનને જાળવવામાં નોંધપાત્ર પ્રગતિ પર ભાર મૂકતા ઉપરાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે, "દેશમાં વ્યાપ્ત વિકાસની લહેરમાં ઉત્તરપ્રદેશની ભાગીદારી રાષ્ટ્રનિર્માણમાં મોટું પ્રદાન છે."

કેડેટ્સને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ તેમના મનમાંથી ભય દૂર કરવા વિનંતી કરી હતી. ચંદ્રયાન-૩ની સફળતાનું નિર્માણ ચંદ્રયાન-૨માંથી મળેલા બોધપાઠ પર કેવી રીતે કરવામાં આવ્યું હતું તેનું વર્ણન કરતાં ધનખરે કહ્યું હતું કે, "નિષ્ફળતા એ સફળતાનો પાયો છે." તેમની મુલાકાત દરમિયાન જગદીપ ધનખર અને ડૉ. સુદેશ ધનખરે તેમની દિવંગત માતાઓ શ્રીમતી કેસરી દેવી અને શ્રીમતી ભગવતી દેવીની યાદમાં નવનિર્મિત સૈનિક સ્કૂલ ગોરખપુરના પરિસરમાં રોપાઓનું વાવેતર કર્યું હતું. તેઓએ પરિસરમાં શૂટિંગ રેન્જનું ઉદઘાટન પણ કર્યું હતું.

### ગુજરાતની દીકરી ફરી ફસાઈ!

# સુનિતા વિલિયમ્સને લીધા વગર પરત ફર્યું સ્ટારલાઈનર

## સ્ટારલાઇનરનું ૩ મહિના બાદ ન્યૂ મેક્સિકોના રણમાં સફળ લેન્ડિંગ, NASA-બોઈંગની ટીમ તપાસ કરશે

વોશિંગ્ટન, તા.૭

ગુજરાતી અવકાશ યાત્રી સુનિયા વિલિયમ્સનું હવે પૃથ્વી પર પરત ફરવું મુશ્કેલ બની રહ્યું છે. સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર શું કાયમ માટે આકાશમાં ફસાઈ જશે તેવા સંકટના સમાચાર આવ્યા છે. કારણ કે, બંનેને સ્પેસમાં લેવા ગયેલુ બોઈંગનું સ્ટારલાઈનર આખરે ત્રણ મહિના બાદ ધરતી પર પરત ફર્યું છે. જોકે, આ સ્ટારલાઈનર બંનેને લીધા વગર પરત આવી ગયું છે. ૭ સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૩૦ કલાકે તેણે ન્યૂ મેક્સિકોના વ્હાઈટ સેન્ડ સ્પેસ હાર્બરમાં લેન્ડ કર્યું છે.

સ્ટારલાઈનરે અંદાજે ૮.૫૮ પર પોતાના ડીઓર્બિટ બર્નને પૂરું કર્યું હતું. આ બર્ન બાદ અંદાજે ૪૪ મિનિટ સુધીનો સમય તેને જમીન પર ઉતરવા લાગ્યો હતો. લેન્ડિંગના સમયે વાયુમંડળમાં તેનુ હીટશીલ્ડ એક્ટિવ હતું. તેના બાદ ડ્રોગ પેરાશુટ ડિપ્લોય કરાયું હતું. એટલે બે નાના પેરાશુટ, તેના બાદ ત્રણ મુખ્ય પેરાશૂટ તૈનાત કરાયા હતા.

આ બાદ ફરી રોટેશન હેન્ડલ રિલીઝ કરાયું હતું. જેથી સ્પેસક્રાફ્ટ ગોળ ફરવાનું બંધ કરી દે. ત્રણેયે એક જ સ્થિતિમાં લેન્ડ કર્યું. નીચેની તરફ લાગેલું હીટશીલ્ડ કાઢી દેવામાં આવ્યું હતું. તેના બાદ એરબેગ ફુલી હતી. પછી એરબેગ કુશંડ લેન્ડિંગ થયું હતું. જેથી રિકવરી ટીમ આવીને સ્પેસ ક્રાફ્ટને રિકવર કરી શકે. વિલિયમ્સ અને વિલ્મોરે મૂળ રીતે જૂનમાં પૃથ્વી પર પાછા ફરવાનું આયોજન કર્યું હતું. પરંતું આઠ દિવસીય મિશનને પગલે સ્ટારલાઈનર તેમને સુરક્ષિત રીતે પાછા લઈ જવાનું હતું. જો કે, ૫ જૂનના લોન્ચિંગના થોડા સમય પછી, મિશન અનેક કારણોથી વિક્ષેપિત થયું હતું. સ્ટારલાઈનમાં હિલીયમ લીકની સમસ્યા ઉદભવી હતી. પરંતુ તેને મેનેજ કરી શકાય તેવું માનવામાં આવતું હતું. તેમ છતાં, મિશન દરમિયાન પાંચ થ્રસ્ટર્સ નિષ્ફળ ગયા હતા, જે ચિંતાને જન્મ આપે છે કે વધુ ખામીઓ સુરક્ષિત પુનઃપ્રવેશને જોખમમાં મૂકી શકે છે. જો કે બોઈંગે થ્રસ્ટરની સમસ્યાઓને ઉકેલવા માટે સમગ્ર ઉનાળા દરમિયાન અવકાશમાં અને જમીન બંને પર અસંખ્ય પરીક્ષણો હાથ ધર્યા હતા, નાસાએ આખરે નક્કી કર્યું કે સ્ટારલાઈનરમાં અવકાશયાત્રીઓને પાછા લાવવા તે ખૂબ જોખમી છે. બોઈંગના કેપ્સ્યુલના કમિશનની બહાર હોવાથી, નાસાએ સ્પેસએક્સને વિલિયમ્સ અને વિલ્મોરને પૃથ્વી પર પાછા ફરવાનું કામ સોંપ્યું છે. બંનેની ફેબ્રુઆરી ૨૦૨૫ ના અંતમાં જીંક્રષ્ઠીઠ ના ડ્રેગન કેપ્સ્યુલ દ્વારા પાછા ફરવાની અપેક્ષા છે. આનો અર્થ એ છે કે તેમનું મૂળ આઠ-દિવસીય મિશન હવે અવકાશમાં આઠ મહિનાથી વધુ સુધી લંબાયું છે. સ્પેસએક્સની આગામી ફ્લાઈટ ૨૦૨૦થી નાસા માટે તેના દસમા ક્રૂ મિશનને ચિહ્નિત કરશે. ડ્રેગન કેપ્સ્યુલ અડધા વર્ષના અભિયાન માટે બે અવકાશયાત્રીઓને લોન્ચ કરશે, જેમાં તેમની પરત મુસાફરી માટે વિલ્મોર અને વિલિયમ્સ માટે બે વધારાની બેઠકો અનામત છે.




## માર્કેટયાર્ડમાં મલય ટ્રેડિંગ નામની પેઢીનાં ગોડાઉનની ઘટના

# અમરેલીમાં ઘઉંનાં કટ્ટા નીચે પડતાં એક શ્રમિકનું મોત

**અર્ધો ડઝન શ્રમિકો ઘઉંની ગુણીની હેરફેર કરતાં હોય ત્યારે દુર્ઘટના ઘટી**

**અન્ય પાંચ શ્રમિકને નાની-મોટી ઈજા થતાં સારવારમાં ખસેડવામાં આવ્યા**

**બનાવની જાણ થતાં રાજકીય અને સામાજિક આગેવાનો હોસ્પિટલે દોડી ગયા**

**શ્રમિકની સુરક્ષા સાથે વજની માલની હેરફેર થાય તે માટે જરૂરી કાર્યવાહી થવી જોઈએ**








અમરેલી, તા. ૭

અમરેલીના માર્કેટીંગયાર્ડમાં આવેલ એક વેપારી પેઢીના એક ઘઉંના ગોડાઉનમાં ૬ જેટલાં શ્રમિકો આજે સવારે કામ કરી રહયા હતાં. ત્યારે અકસ્માતે ઘઉંની ગુણો શ્રમિકો ઉપર પડતા મજૂરોને ગંભીર ઈજાઓ થવા પામી હતી. ઘવાયેલા શ્રમિકોને સારવાર માટે અત્રેના સરકારી દવાખાને ખસેડવામાં આવતાં એક શ્રમિકનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. જયારે અન્ય શ્રમિકોને સારવાર હેઠળ રખાયા છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી માર્કેટયાર્ડમાં આવેલ વેપારી મલય ટ્રેડિંગ નામની પેઢીના એક ઘઉંના ગોડાઉનમાં આજે સવારે અમરેલી તાલુકાના નવાખીજડીયા ગામના કરશનભાઈ સવજીભાઈ ગોહિલ સહિત ૬ જેટલાં શ્રમિકો ઘઉંની ગુણના મોઢા ખોલી ઘંઉ ખુલ્લા કરવાનું કામ કામ કરી રહયા હતાં. ત્યારે અકસ્માતે ઉપરની ઘઉંની થપ્પીમાંથી ગુણો નીચે કામ કરી રહેલાં મજુરો ઉપર પડતાં ૬ જેટલાં મજૂરોને ગંભીર ઈજાઓ થવા પામી હતી.

આ બનાવની જાણ પેઢીના સંચાલક અને ભાગીદારોને થતાં તાત્કાલિક આ ઘટનામાં ઘવાયેલા શ્રમિક કરશનભાઈ સવજીભાઈ ગોહિલ, વિપુલભાઈ દિનેશભાઈ કનક, નટુભાઈ ભીખુભાઈ ભાલું,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## માથાકૂટ કરવા બાબતે માતાએ ઠપકો આપતાં

# રાજુલાનાં માર્કેટયાર્ડ નજીકમાં રહેતી તરૂણીએ ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડી

**ચૂંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા અરેરાટી**

અમરેલી, તા. ૭

રાજુલા, ભેરાઈ રોડ, માર્કેટીંગ યાર્ડ પાસે રહેતી વિશાખાબેન શામજીભાઈ શીયાળ નામની ૧૪ વર્ષિય વિદ્યાર્થીનીને તા. ૬ રોજ નવેક વાગ્યે તેના માતાએ ઝઘડો કરવા બાબતે ઠપકો આપતા તે બાબતે મનમાં લાગી આવતા પોતાના રહેણાંક મકાને પોતાની મેળે ઠેલ સાથે ચુંદડી બાંધી ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા મરણ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)